Saturday 21, November 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૬૬ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રી: વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

અતુલના ઉપસરપંચને ડીડીઓની શોકોઝ

મંજૂરી વગર ૫૮૭ કામોના ચૂકવણા અને બિલોમાં સહી-સિક્કાના ગંભીર આક્ષેપો; ૧૫ દિવસમાં ખુલાસો રજૂ કરવા આદેશ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૦ : વલસાડ તાલુકાની અતુલ ગ્રામ પંચાયતમાં જાહેર જનતાના નાણાંનો દુરુપયોગ અને વહીવટી ગેરરીતિ થઈ હોવાની ફરિયાદ બાદ વલસાડ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા અતુલ ગ્રામ પંચાયતના તત્કાલીન ઉપસરપંચ ને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૫૭(૧) હેઠળ સભ્યપદેથી દૂર કેમ ન કરવા તે અંગે કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે.

વલસાડ તાલુકાની અતુલ ગ્રામ પંચાયતમાં જાહેર જનતાના નાણાંનો દુરુપયોગ અને વહીવટી ગેરરીતિ થઈ હોવાની ફરિયાદ બાદ વહીવટી તંત્ર હરકતમાં આવ્યું છે. વલસાડ જિલ્લા વિકાસ અધિકારી વંદના મીણા દ્વારા અતુલ ગ્રામ પંચાયતના તત્કાલીન ઉપસરપંચ દર્શલ વિજયભાઈ દેસાઈ વિરુદ્ધ અતુલ ગ્રામ પંચાયતના સભ્યો અને ગ્રામજનો દ્વારા ૨૩ મે, ૨૦૨૫ના રોજ પંચાયતમાં થયેલી ગેરરીતિઓ અંગે અરજી કરવામાં આવી હતી. આ અરજીના આધારે વલસાડ તાલુકા વિકાસ અધિકારી દ્વારા તપાસ કરી અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. હાઈકોર્ટના આદેશ બાદ આ પ્રકરણમાં નવેસરથી કાર્યવાહી હાથ ધરી જિલ્લા વિકાસ અધિકારીએ તત્કાલીન ઉપસરપંચને નોટિસ પાઠવી છે. તપાસ અહેવાલ મુજબ, પંચાયતના એક્સિસ અને યુકો બેંક ખાતામાંથી કુલ ૫૮૮ કામોના ચૂકવણા કરવામાં આવ્યા છે. જેમાંથી ૪૫૮ કામોનો ગ્રામ પંચાયતમાં કોઈ ઠરાવ થયો નથી, અને ૫૮૮માંથી માત્ર ૧ કામની જ વહીવટી મંજૂરી તથા કામ પૂર્ણતા પ્રમાણપત્ર મેળવવામાં આવ્યું છે. આમ, ૫૮૭ કામોના ચૂકવણા પ્રમાણપત્ર વિના જ કરી દેવાયા હોવાનું જણાવાયું છે. સરકારના પરિપત્રની અવગણના કરીને પંચાયતના સ્વભંડોળના નાણાકીય વ્યવહારોમાં ઉપસરપંચ તરીકે વધારાની સહી દાખલ કરવામાં આવી હતી. આ ઉપરાંત, કોરા અને બેરર ચેક પર સહી કરાવી લેવાના આક્ષેપો પણ સરપંચ દ્વારા કરવામાં આવ્યા છે. દેસાઈ ઈલેક્ટ્રીકલ, ડી.પી. મીડિયા લાઈન, ભાગ્ય ઈન્ફોટેક અને સાંઈ ઈલેક્ટ્રીકલ જેવી વિવિધ એજન્સીઓના સ્ટ્રીટ લાઈટ અને અન્ય ખરીદીના બિલો, વાઉચર તથા ચેક સ્વીકાર્યાની પહોંચમાં ખુદ ઉપસરપંચ દર્શલ દેસાઈની સહી અને મોબાઈલ નંબર જોવા મળ્યા હોવાનો ઉલ્લેખ નોટિસમાં કરાયો છે. ખરીદી માટે GeM પોર્ટલની પદ્ધતિને બદલે મૌખિક ઓર્ડર આપી ખરીદી કરાઈ હોવાનું તેમજ પંચાયત કક્ષાએ કામ કરતી ચાર જેટલી એજન્સીઓનું સંચાલન ખુદ દર્શલ દેસાઈ કરતા હોવાના આક્ષેપો અંગે પણ ખુલાસો મંગાયો છે. જિલ્લા વિકાસ અધિકારીએ નોટિસમાં સ્પષ્ટ જણાવ્યું છે કે, ઉપસરપંચ તરીકેના સમયગાળા દરમિયાન ફરજ પ્રત્યે બેદરકારી અને હોદ્દાનો દુરુપયોગ કરવા બદલ કેમ પગલાં ન લેવા તે અંગે દિન-૧૫માં કચેરીએ રૂબરૂ હાજર રહી લેખિત ખુલાસો રજૂ કરવો. જો સમયમર્યાદામાં ખુલાસો રજૂ નહીં કરાય તો નિયમોનુસાર આગળનો નિર્ણય લેવામાં આવશે.







દમણગંગા ટાઈમ્સમાં
શ્રદ્ધાંજલિ અને બેસણું
તમારા આત્મીયજનોના શોક સંદેશ તથા શ્રદ્ધાંજલિ અર્પણ કરવું એકદમ સરળ
નીચે દર્શાવેલ નંબર પર તમારી મેટર વોટસએપ કરો
ઓફિસ : ૯૮૨૫૧ ૨૨૫૦૫
સાઈઝ: ૫ X ૨(૧૦ સીસી) | કિંમત: રૂા. ૩૫૦ /- (ફિક્સ) વધારાના પ્રતિ સીસી રૂા. ૬૦/-







દ.ગુ. ઝોનના સંયુકત માહિતી નિયામકે ડાંગની મુલાકાત લીધી

માહિતી ભવનના ચાલી રહેલા બાંધકામ બાબતે માર્ગદર્શન આપ્યું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

આહવા, તા. ૨૦ : માહિતી અને પ્રસારણ વિભાગ હસ્તકની માહિતી નિયામકની કચેરીના કાર્યક્ષેત્ર હેઠળની ડાંગ જિલ્લા માહિતી કચેરી- આહવાની સાઉથ ગુજરાત ઝોનના વડા એવા જોઈન્ટ ડાયરેક્ટર ઓફ ઈન્ફોર્મેશન અરવિંદ મછારે આકસ્મિક મુલાકાત લીધી હતી.

દરમિયાન કચેરીના કર્મચારીઓની કામગીરી સહિત તેમની હાજરી, અને નિયમિતતા જેવા મુદ્દે વિશેષ તકેદારી રાખવા સાથે, કચેરીના પડતર પ્રશ્નો, બાકી તુમારો, અને જિલ્લા માહિતી કચેરીના નવા મકાન બાંધકામ બાબતે ચાલી રહેલી કામગીરીની સ્થળ મુલાકાત લઈ ઉપયોગી સૂચનો કર્યા હતા.

આ વેળા ઈન્ચાર્જ સહાયક માહિતી નિયામક મનોજ ખેંગારે કચેરી કામગીરી સહિત માહિતી ભવનના બાંધકામ બાબતે JDI મછારને પૂરક વિગતો રજૂ કરી હતી.

JDI ની આ મુલાકાત વેળા ડાંગ જિલ્લા માહિતી કચેરીના તમામ કર્મયોગીઓએ ઉપસ્થિત રહી, તેમની પોતાની કામગીરીથી ઝોનલ ડાયરેક્ટને અવગત કરાવ્યા હતા.

બીલીમોરામાં મહિલા સભા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા. ૨૦ : ધરતી આબા ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે ઉજવાઈ રહેલા જનજાતીય ગૌરવ સપ્તાહના ભાગરૂપે બીલીમોરા સ્થિત સોમનાથ મહાદેવ મંદિર પરિસરના મોહનલાલ ચુનીલાલ શાહ સાંસ્કૃતિક ભવન ખાતે બુધવારે મહિલા સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના પાત્ર લાભાર્થીઓને મહાનુભાવોના હસ્તે મંજૂરી હુકમો એનાયત કરાયા હતા.

સભા દરમિયાન ભગવાન બિરસા મુંડાજીના જીવનચરિત્ર, તેમના સંઘર્ષ અને આદિવાસી સમાજની અસ્મિતા તથા અધિકારોના રક્ષણ માટે આપેલા બલિદાનને યાદ કરવામાં આવ્યું હતું. તેમના સાહસ અને સ્વાભિમાનના આદર્શોને જીવનમાં ઉતારી સમાજના સર્વાંગી વિકાસમાં સહભાગી બનવા મહિલાઓને પ્રેરણા આપવામાં આવી હતી. આ ઉપરાંત, મહિલાઓના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટે અમલી વિવિધ સરકારી યોજનાઓની વિસ્તૃત માહિતી આપી છેવાડાની મહિલાઓ સુધી તેના લાભ પહોંચાડવા પર ભાર મૂકાયો હતો.

વક્તાઓએ જણાવ્યું હતું કે શિક્ષણ અને સમાન તકો થકી આત્મનિર્ભર બનેલી મહિલાઓ પરિવાર, સમાજ અને રાષ્ટ્રના ઘડતરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.

આ પ્રસંગે ગણદેવી તાલુકા પંચાયત પ્રમુખ પુષ્પાબેન પટેલ, બીલીમોરા નગરપાલિકા પ્રમુખ મનીષ પટેલ, ગણદેવી પાલિકા પ્રમુખ અનિતા ભંડારી, નીરવ ટેલર, શાંતિલાલ પટેલ, પ્રગ્નેશ પટેલ, ઉર્વશી પાટીલ, સુમિત્રાબેન પટેલ સહિત વિવિધ સમિતિઓના સભ્યો, આગેવાનો અને મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

નવસારીમાં DGVCLની ગ્રામ્ય-શહેર વિભાગીય કચેરીના મકાનનું ભૂમિપૂજન યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

નવસારી, તા. ૨૦ : શુક્રવાર દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL) દ્વારા નવસારી ગ્રામ્ય-શહેર વિભાગીય કચેરી તથા નવસારી ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીના મકાનનું ભૂમિપૂજન કાર્યક્રમ યોજાનાર છે. આ ભૂમિપૂજન કાર્યક્રમ તા. ૨૧-૧૧-૨૦૨૬ ના રોજ સવારે ૯-૦૦ કલાકે કબીલપોર, નવસારી ખાતે ભારત સરકારના કેન્દ્રિય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલના હસ્તે યોજાશે.

કેન્દ્રિય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલના હસ્તે ભૂમિપૂજન કાર્યક્રમ યોજાશે

આ પ્રસંગે રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈ, આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ નિરાલીબેન નાયક, જલાલપોરના ધારાસભ્ય આર.સી. પટેલ, નવસારીના ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ તથા નવસારી મહાનગરપાલિકાના મેયર અશોકભાઈ ધોરાજીયા વિશેષ ઉપસ્થિતિ રહેશે.

ગણદેવીની ૧૫ ગ્રા.પં.માં સરપંચપદની અનામત ફાળવણી સામે વિરોધનો વંટોળ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ગણદેવી, તા. ૨૦ : ગણદેવી તાલુકાની ૬૫ ગ્રામ પંચાયતોની આગામી ચૂંટણી પહેલાં જ સરપંચપદની અનામત બેઠકોની ફાળવણીને લઈને રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. ગત તા. ૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ જાહેર કરાયેલા અનામત બેઠકોના જાહેરનામા સામે તાલુકાની ૧૫ જેટલી ગ્રામ પંચાયતોમાં અસંતોષ ફાટી નીકળ્યો છે. અનામતની વારાફરતી ફાળવણી (રોટેશન)ના નિયમોનું ઉલ્લંઘન કરી કેટલીક ગ્રામ પંચાયતોમાં મહિલા અનામતનું પુનરાવર્તન કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મુદ્દે જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરવામાં આવ્યા બાદ હવે સમગ્ર ફાળવણીને ઉચ્ચ ન્યાયાલયમાં પડકારવાની દિશામાં કવાયત તેજ બની છે.

ગ્રામ પંચાયતોમાં સરપંચપદની અનામત ફાળવણી માટે ગુજરાત પંચાયત અધિનિયમ તથા ગુજરાત ગ્રામ પંચાયતના સરપંચની ચૂંટણી (સરપંચના અનામત હોદ્દાની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪માં નિર્ધારિત જોગવાઈઓનું પાલન કરવાનું હોય છે. રજૂઆતકર્તાઓના જણાવ્યા મુજબ, નિયમો અનુસાર એક વખત કોઈ ચોક્કસ વર્ગ માટે બેઠક અનામત રાખવામાં આવ્યા બાદ રોટેશન પૂર્ણ ન થાય ત્યાં સુધી એ જ વર્ગને ફરીથી અનામતનો લાભ આપી શકાય નહીં. તેના બદલે આગામી ક્રમમાં આવતા વર્ગને અનામત ફાળવણી થવી જોઈએ. જોકે, હાલની ફાળવણીમાં રોટેશનના સિદ્ધાંતને બદલે અગાઉની અનામતનું પુનરાવર્તન કરવામાં આવ્યું હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે.તાલુકાની ૬૫ ગ્રામ પંચાયતો પૈકી અજરાઈ, મટવાડ, અંભેટા, ગંધોર, કોથા, ધમડાછા, દેવધા, દેવસર, ભાઠા, બીગરી, છાપર, ભાગડ, ભાટ, ધોલાઈ અને માસા સહિતની ૧૫ ગ્રામ પંચાયતોમાં મહિલા અનામતના પુનરાવર્તન સામે વિરોધ નોંધાવવામાં આવ્યો છે. આ ગામોમાં અગાઉની અનામત ફાળવણી અને વર્તમાન જાહેરનામાના લેખિત પુરાવા સાથે જિલ્લા કલેક્ટરને રજૂઆત કરવામાં આવી છે.

આ સમગ્ર વિવાદમાં ગંધોર ગામનો કિસ્સો વિશેષ ચર્ચાસ્પદ બન્યો છે. રજૂઆતકર્તાઓના જણાવ્યા મુજબ, છેલ્લા ૪૫ વર્ષથી ગંધોર ગ્રામ પંચાયતમાં પુરુષ ઉમેદવારો સરપંચપદની ચૂંટણી લડી શક્યા નથી. આ સ્થિતિને લઈને પણ સ્થાનિક સ્તરે નારાજગી વ્યક્ત કરવામાં આવી રહી છે.

ગ્રામ પંચાયતની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થાય તે પહેલાં જ સરપંચપદની અનામત ફાળવણી સામે ઊઠેલા વિરોધે રાજકીય વાતાવરણ ગરમાવ્યું છે. જિલ્લા કલેક્ટર સમક્ષ કરવામાં આવેલી રજૂઆતનો યોગ્ય નિકાલ નહીં આવે તો અનામત ફાળવણીના જાહેરનામાને ઉચ્ચ ન્યાયાલયમાં પડકારવામાં આવે તેવી શક્યતા છે. પરિણામે ગણદેવી તાલુકાની ગ્રામ પંચાયતોની ચૂંટણી પહેલાં જ અનામતના રોટેશનનો મુદ્દો રાજકીય અને કાનૂની ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.

પારદર્શકતા અને નિયમોનાં યોગ્ય પાલનની માંગ

નવસારી જિલ્લા કલેક્ટર ને ગત તા.૧૩/૧૧/૨૦૨૬ નાં રોજ ધનોરી ગ્રામજનોએ લેખિત આધાર પુરાવા ઓ સહિત પ્રાર્થના પત્ર આપ્યો હતો. જેમાં ધનોરી ગામે વીતેલા ૨૫ વર્ષ માં અનુસૂચિત આદિજાતિ વર્ગ ને બે વખત, બિન અનામત પૈકી મહિલા વર્ગ ને બે વખત અને ઓબીસી ને એક વખત અનામત ફાળવવામાં આવી છે. જ્યારે સામાન્ય બિન અનામત ને ૩૦ થી ૪૦ વર્ષ અને સામાન્ય ઓબીસી ને બે દાયકા થી તક મળી નથી. દરેક સમાજને લોકશાહી વ્યવસ્થામાં સમાન તક અને ન્યાય મળે, અનામત ફાળવણીમાં પારદર્શકતા અને નિયમો નાં યોગ્ય પાલન ની માંગ પોકારી છે.

અમલસાડમાં ખેડૂત તાલીમ શિબિર યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા. ૨૦ : નાયબ બાગાયત નિયામકની કચેરી, નવસારી દ્વારા ગણદેવી તાલુકાની અમલસાડ વિભાગ વિવિધ કાર્યકારી સહકારી ખેડૂત મંડળી લિ. ખાતે આંબા અને ચીકુ પાકની ઉત્પાદકતા વધારવા માટે તાંત્રિક માર્ગદર્શન વિષય પર મંડળી પ્રમુખ નિમેશ નાયક સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં એક દિવસીય તાલીમ શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. બદલાતા હવામાન વચ્ચે આંબા અને ચીકુ પાકની ગુણવત્તા અને ઉત્પાદન વધારવાના હેતુથી યોજાયેલા આ સેમિનારમાં અમલસાડ અને આસપાસના ગામોના ૨૪૦થી વધુ ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમમાં નાયબ બાગાયત નિયામક ડી. કે. પડાલિયાએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું, જ્યારે નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો. આર. એમ. નાયકે આંબા-ચીકુની સાથે બદલાતા વાતાવરણમાં કોકોના વાવેતર અંગે ઉપયોગી સૂચન કર્યું હતું.

આ શિબિરમાં આરપી કોલેજના ફળ વિજ્ઞાન વિભાગના વડા ડો. બી. એમ. ટંડેલે આંબાની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ, ગણદેવી ફળ સંશોધન કેન્દ્રના વડા ડો. ભટ્ટે ચીકુ પાકની વિસ્તૃત માહિતી તેમજ પાક સંરક્ષણ વિભાગના વડા ડો. પી. આર. પટેલે બંને પાકોમાં આવતી જીવાતોના અસરકારક નિયંત્રણ અંગે તાંત્રિક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત કૃષિ તજજ્ઞ નિર્મલસિંહ યાદવે દેશ-વિદેશની આધુનિક ખેતીના અનુભવો વહેંચ્યા હતા અને અમદાવાદથી ઓનલાઈન જોડાયેલા APEDA ના નિષ્ણાતે ફળોની નિકાસના નિયમો તથા સરકારી સહાય અંગે માહિતી આપી હતી.

અંતે, ખેડૂતોને આ વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવી બાગાયતી ખેતીને વધુ નફાકારક બનાવવા અનુરોધ કરાયો હતો.

સુપ્રભાતમ્

આજનું પંચાગ

તા. ૨૧-૧૧-૨૦૨૬, **વાર :** શનિવાર **તિથિ :** કારતક સુદ ૧૨, **સૂર્યોદય :** ૦૭ : ૦૧ **સૂર્યાસ્ત** ૦૫ : ૪૯, **ચંદ્રોદય** - ૦૩:૧૩ **ચંદ્રાસ્ત** - ૦૪:૧૭ **ચંદ્ર રાશિ :** મેષ, **નક્ષત્ર** - રેંવતી

આજનું રાશિભવિષ્ય

મેષ (અ, લ, ઈ) : ખર્ચ પર નિયંત્રણ રાખવું જરૂરી છે. મનોકામના પૂર્ણ થવામાં થોડી અડચણ આવી શકે છે, પરંતુ પ્રવાસ કે મુલાકાત માટે દિવસ સાનુકૂળ છે.

વૃષભ (બ, વ, ઉ) : આ રાશિ માટે ઉત્તમ ચંદ્રબળ રહેશે. અટકેલા કાર્યો આગળ વધશે અને આર્થિક લાભ કે મિત્રો તરફથી સહયોગ મળવાની શક્યતા છે.

મિથુન (ક, ઘ, ચ) : કૌટુંબિક અને સામાજિક કામકાજોમાં સફળતા મળશે, જોકે કોઈના પર આંધળો વિશ્વાસ ન મૂકવો.

કર્ક (ડ, હ) : અંગત સમસ્યા કે અણધાર્યા ખર્ચનો પ્રસંગ બની શકે છે, પરંતુ દિવસના અંતે માનસિક ટેન્શન દૂર થશે અને પ્રવાસ આનંદદાયક રહેશે.

સિંહ (મ, ટ) : નવા કાર્યો અને મોટા નિર્ણયો લેવાનું ટાળવું. લાભ કરતાં ખર્ચ વધુ જણાય, છતાં તમારી મહેનત અને -પ્રયત્નો ફળદાયી નીવડશે.

કન્યા (પ, ઠ, ણ) : અગત્યની કામગીરીમાં થોડી રૂકાવટ કે વિલંબ જણાઈ શકે છે, તેમજ પ્રવાસ અને ખર્ચના યોગ છે.

તુલા (ર, ત) : તમારા પ્રયત્નોનું મીઠું ફળ મળશે અને તબિયતમાં સુધારો જણાશે; વાણી પર સંયમ રાખી વિવાદથી દૂર રહેવું.

વૃશ્ચિક (ન, ય) : ધારેલી સફળતા મેળવવા માટે સખત મહેનત (હાર્ડવર્ક) કરવી પડશે અને મુસાફરીમાં થોડી સાવચેતી રાખવી.

ધન (ભ, ધ, ફ, ઢ) : ધીરજની કસોટી થતી લાગે, પરંતુ શાંતિથી કામ લેવાથી કાર્યમાં સફળતા મળશે અને જૂના ટેન્શનમાંથી મુક્તિ મળશે.

મકર (ખ, જ) : ધાર્યા કામમાં થોડી રૂકાવટ કે માનસિક ઉદ્વેગ અનુભવાય, તેથી નાણાકીય બાબતોમાં સમજી-વિચારીને નિર્ણય લેવો.

કુંભ (ગ, સ, શ, ષ) : ગૃહજીવનના કાર્યો પાર પડશે, પરંતુ તમારા પ્રયત્નો વ્યર્થ ન જાય તે માટે કોઈના ભરોસે ન રહેવું.

મીન (દ, ચ, થ, ઝ) : મૂંઝવણોમાંથી બહાર નીકળવાનો માર્ગ મળશે; આર્થિક આયોજન પર ધ્યાન આપવું અને બિનજરૂરી ખર્ચા અટકાવવા.

દમણ રેડિયો 102.3 FM

આકાશવાણી

શનિવાર/રવિવાર

સવારની પ્રથમ સભા : ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભક્તિ ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભક્તિ ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

સાંજે : ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

સુડોકુ નં.૩૫

	6		2			5		4
	7							
		9		5	6		1	2
			3	1	5			7
				8				
9			6	2	4			
4	3		9	6		8		
							4	
5		6			2		9	

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પોન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

સુડોકુ નં.૩૪નો ઉકેલ

3	2	7	9	4	1	8	5	6
4	1	9	5	6	8	3	7	2
6	8	5	2	3	7	4	1	9
2	6	1	7	5	4	9	3	8
9	7	4	6	8	3	1	2	5
5	3	8	1	9	2	6	4	7
8	5	2	3	1	9	7	6	4
7	4	3	8	2	6	5	9	1
1	9	6	4	7	5	2	8	3



તુલસી વિવાહ..વૃંદાના પતિવ્રતથી તુલસીના માહાત્મ્ય સુધી

ભગવાન વિષ્ણુના શાલિગ્રામ સ્વરૂપ સાથે તુલસીજીના વિવાહ અને વૃંદા-જાલંધરની પૌરાણિક કથા

કારતક સુદ-એકાદશી જેને દેવઉઠી એકાદશી,પ્રબોધિની એકાદશી કે તુલસી વિવાહની એકાદશી તરીકે પણ ઓળખવામાં આવે છે,તે હિંદુ ધર્મમાં અત્યંત પવિત્ર અને મહત્વપૂર્ણ દિવસ છે.ચાતુર્માસ દરમિયાન યોગનિદ્રામાં રહેલા ભગવાન શ્રીવિષ્ણુ આ દિવસે જાગૃત થાય છે એવી ધાર્મિક માન્યતા છે. આ દિવસથી શુભ અને માંગલિક કાર્યોની શરૂઆત થાય છે,અનેક ઘરોમાં તુલસીજીના વિવાહ ભગવાન વિષ્ણુના શાલિગ્રામ સ્વરૂપ સાથે કરવામાં આવે છે.તુલસી વિવાહ માત્ર એક ધાર્મિક વિધિ નથી પરંતુ ભક્તિ,પવિત્રતા,પતિ-પત્નીના અખંડ વિશ્વાસ, ત્યાગ, સત્યનિષ્ઠા અને ભગવાનની લીલાના ગૂઢ સંદેશ સાથે જોડાયેલું પર્વ છે,તેની સાથે વૃંદા અને જાલંધરની કથા પણ જોડાયેલી છે જે શિવપુરાણ સહિતની પૌરાણિક પરંપરાઓમાં વર્ણવવામાં આવે છે.

શિવજીની નેત્રાગ્નિમાંથી જાલંધરનું પ્રાગટ્ય..

શિવપુરાણની રૂદ્રસંહિતા,યુદ્ધખંડમાં જાલંધરના જન્મ અને તેના વિવાહનો પ્રસંગ વર્ણવવામાં આવ્યો છે. કથા અનુસાર એક વખત દેવરાજ ઈન્દ્ર અને દેવતાઓ ભગવાન શિવના દર્શનાર્થે ગયા, ત્યાં તેમને એક રહસ્યમય અને ભયંકર તેજસ્વી પુરૂષ મળ્યો, ઈન્દ્રએ તેની ઓળખ જાણવા પ્રયત્ન કર્યો પરંતુ તેણે કોઈ જવાબ આપ્યો નહીં. ઈન્દ્ર ક્રોધિત થઈને તેના પર વજ્રનો પ્રહાર કર્યો આથી ભગવાન શિવ અત્યંત ક્રોધિત થયા અને તેમના કપાળમાંથી ભયંકર અગ્નિ તથા તેજ પ્રગટ થયું. ભગવાન શિવના નેત્રમાંથી ઉત્પન્ન થયેલી આ અગ્નિ એટલી પ્રચંડ હતી કે તેનો વિનાશક પ્રભાવ સમગ્ર સૃષ્ટિ પર પડી શકે તેમ હતો. દેવતાઓના હિત અને સૃષ્ટિના રક્ષણ માટે ભગવાન શિવે આ અગ્નિતેજને ક્ષારસમુદ્રમાં ફેંકી દીધું. સમુદ્રના જળમાં એ દિવ્ય તેજ એક બાળકના સ્વરૂપમાં પ્રગટ થયું.

આ બાળકના રૂદનથી પૃથ્વી-સ્વર્ગ અને અન્ય લોકમાં હાહાકાર મચી ગયો, તેના રૂદનનો અવાજ એટલો પ્રચંડ હતો કે દેવતાઓ પણ ભયભીત થઈ ગયા, આ અદ્ભુત ઘટના જોઈ બ્રહ્માજી બાળકને જોવા આવ્યા. બાળક બ્રહ્માજીના ખોળામાં આવ્યું અને તેમની દાઢી પકડીને જોરથી ખેંચવા લાગ્યું. બ્રહ્માજીની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં ત્યારબાદ બ્રહ્માજીએ આ બાળકનું નામ જાલંધર રાખ્યું.જાલંધરને ભગવાન શિવના નેત્રાગ્નિમાંથી જન્મેલો હોવાથી અત્યંત શક્તિશાળી-પરાક્રમી અને અજેય બનવાનું વરદાન મળ્યું. બ્રહ્માજીએ જણાવ્યું કે આ બાળકનો વધ ભગવાન રૂદ્ર સિવાય અન્ય કોઈ કરી શકશે નહીં. સમુદ્રે તેને પોતાના પુત્ર તરીકે સ્વીકાર્યો અને પ્રેમથી તેનો ઉછેર કર્યો. જાલંધર મોટો થઈને અસુરોનો મહાન રાજા બન્યો.

જાલંધર અને વૃંદાના લગ્ન..

જાલંધર યુવાન થયો ત્યારે સમુદ્રદેવે તેના લગ્ન માટે યોગ્ય કન્યા શોધવાનું નક્કી કર્યું, તેમણે મહાન અસુર કાલનેમિને બોલાવી તેની પુત્રી વૃંદાનો હાથ જાલંધર માટે માંગ્યો, કાલનેમિએ સમુદ્રદેવના પ્રસ્તાવને સ્વીકાર્યો અને પોતાની પુત્રી વૃંદાના લગ્ન જાલંધર સાથે કરાવ્યાં. વૃંદા અત્યંત સુંદર-ગુણવાન, ધર્મનિષ્ઠા અને પતિવ્રતામાં અડગ એવી સ્ત્રી હતી, તે પોતાના પતિ પ્રત્યે નિષ્ઠાવાન અને પ્રેમાળ હતી. જાલંધર પણ વૃંદાને ખૂબ પ્રેમ કરતો હતો. તેમના લગ્ન પ્રસંગે અસુરો-નદીઓ અને સમુદ્રમાં આનંદની લાગણી પ્રસરી હતી. જાલંધર પોતાની પત્ની વૃંદા સાથે સુખપૂર્વક જીવન જીવવા લાગ્યો અને શુક્રાચાર્યના માર્ગદર્શન હેઠળ રાજ્ય ચલાવવા લાગ્યો.

વૃંદાનું પતિવ્રત અને જાલંધરની શક્તિ..

વૃંદાનું પતિવ્રત તેના જીવનની સૌથી મોટી શક્તિ હતી. પૌરાણિક માન્યતા અનુસાર વૃંદાની પવિત્રતા અને અખંડ પતિવ્રતના પ્રભાવથી જાલંધર અતિશય શક્તિશાળી બની ગયો હતો. દેવતાઓ સાથેના યુદ્ધમાં તેને હરાવવો મુશ્કેલ બન્યો. જાલંધરે પોતાના પરાક્રમ અને શક્તિથી દેવતાઓને પડકાર્યા. ધીમે ધીમે તેના મનમાં અહંકાર-સત્તાની લાલસા અને વિજયની ભાવના વધવા લાગી. શક્તિ જ્યારે વિવેકથી અલગ થઈ જાય ત્યારે તે વિનાશનું કારણ બની શકે છે. જાલંધર પાસે બળ-પરાક્રમ અને વરદાન હતાં પરંતુ તેના મનમાં વધતા અહંકારને કારણે તે ધર્મની મર્યાદાઓથી દૂર જવા લાગ્યો, આ જ તેના જીવનના પતનનું કારણ બન્યું.

જાલંધરનો અહંકાર અને ભગવાન શિવ સાથેનું યુદ્ધ..

જાલંધર જ્યારે દેવતાઓ પર વિજય મેળવવા લાગ્યો ત્યારે તેના મનમાં અહંકાર વધતો ગયો. દેવર્ષિ નારદે જાલંધરને ભગવાન શિવ અને માતા પાર્વતીના દિવ્ય સ્વરૂપ તથા મહિમા વિશે જણાવ્યું. આ વાત સાંભળીને જાલંધરના મનમાં માતા પાર્વતીને પ્રાપ્ત કરવાની અયોગ્ય ઇચ્છા જાગી, તેણે ભગવાન શિવને પડકાર્યા અને યુદ્ધ માટે તૈયાર થયો. ભગવાન શિવ અને જાલંધર વચ્ચે ભયંકર યુદ્ધ થયું. જાલંધર પાસે શિવજીના જ તેજમાંથી ઉત્પન્ન થયેલી શક્તિ હતી પરંતુ તેના મનમાં અધર્મ અને અહંકારનો પ્રવેશ થઈ ગયો હતો. જાલંધરની શક્તિનું રહસ્ય વૃંદાના અખંડ પતિવ્રત ધર્મમાં રહેલું હતું. જ્યાં સુધી વૃંદાનું પતિવ્રત અખંડ રહે ત્યાં સુધી જાલંધરને પરાજિત કરવો અશક્ય હતો. દેવતાઓ આ સંકટમાંથી મુક્તિ મેળવવા માટે ભગવાન વિષ્ણુની શરણમાં ગયા.

ભગવાન વિષ્ણુની લીલા અને વૃંદાનો શાપ..

પૌરાણિક કથાના પ્રચલિત વર્ણન મુજબ ભગવાન વિષ્ણુએ દેવતાઓના રક્ષણ અને ધર્મની સ્થાપના માટે એક યુક્તિ કરી, તેઓ જાલંધરનું રૂપ ધારણ કરીને વૃંદાની સમક્ષ ગયા, વૃંદાએ પોતાના પતિ સમજીને ભગવાન વિષ્ણુનું સ્વાગત કર્યું, જ્યારે વૃંદાને સત્યનો બોધ થયો કે તેમની સાથે છેતરપિંડી થઈ છે અને સામે આવેલા પતિ જાલંધર નથી ત્યારે તે અત્યંત દુ:ખી અને ક્રોધિત થઈ ગઈ. પોતાના પતિવ્રત ધર્મ સાથે થયેલા આ કપટથી આઘાત પામેલી વૃંદાએ ભગવાન વિષ્ણુને શાપ આપ્યો કે તમે પણ પથ્થર બની જશો.વૃંદાના શાપને ભગવાન વિષ્ણુએ સ્વીકાર્યો અને તેઓ શાલિગ્રામ શિલાના સ્વરૂપે પૂજાવા લાગ્યા એવી લોકપ્રચલિત માન્યતા છે. વૃંદાના પતિવ્રતના ભંગથી જાલંધરની શક્તિ ક્ષીણ થઈ અને ભગવાન શિવે યુદ્ધમાં જાલંધરનો સંહાર કર્યો. આમ, જાલંધરનો અંત થયો અને દેવતાઓને તેના આતંકમાંથી મુક્તિ મળી.

વૃંદામાંથી તુલસીનો પ્રાગટ્ય અને શાલિગ્રામ સાથે વિવાહની પરંપરા..

વૃંદાના ત્યાગ-પવિત્રતા અને ભગવાન પ્રત્યેના અખંડ ભાવથી પ્રસન્ન થઈ ભગવાન વિષ્ણુએ તેને દિવ્ય મહિમા આપ્યો. પ્રચલિત કથા મુજબ વૃંદા તુલસીના પવિત્ર છોડના સ્વરૂપમાં પ્રગટ થઈ. ભગવાન વિષ્ણુએ વૃંદાને આશીર્વાદ આપ્યો કે તુલસી સમગ્ર જગતમાં પવિત્ર માનવામાં આવશે અને તેમની પૂજામાં તુલસી વિના ભક્તિ અધૂરી ગણાશે. ભગવાન વિષ્ણુએ શાલિગ્રામ સ્વરૂપ ધારણ કર્યું અને તુલસી સાથેનો તેમનો સંબંધ ભક્તિ તથા પવિત્રતાના પ્રતીક તરીકે સ્થાપિત થયો ત્યારથી કારતક માસના શુક્લ પક્ષમાં તુલસી વિવાહની પરંપરા પ્રચલિત બની. અનેક પરિવારો કારતક સુદ અગિયારસથી કારતક સુદ પૂનમ સુધી શુભ મુહૂર્તમાં તુલસી વિવાહ કરે છે,કેટલીક પરંપરાઓમાં દ્વાદશીનો દિવસ વિશેષ માનવામાં આવે છે.

તુલસી વિવાહનો આધ્યાત્મિક સંદેશ..

તુલસી વિવાહની કથા આપણને જીવનનાં અનેક ઊંડાં સત્યો સમજાવે છે.

પતિવ્રત અને નિષ્ઠા-વૃંદાનું જીવન પતિ પ્રત્યેની અખંડ નિષ્ઠાનું પ્રતીક છે,

કોઈપણ સંબંધનો પાયો વિશ્વાસ-સત્ય અને સમર્પણ છે,

શક્તિ સાથે વિવેક જરૂરી-જાલંધર પાસે અસીમ શક્તિ હતી પરંતુ અહંકાર અને અધર્મે તેને પતન તરફ દોરી ગયો,શક્તિનો ઉપયોગ લોકકલ્યાણ માટે થવો જોઈએ,

પ્રકૃતિ પ્રત્યે આદર-તુલસી માત્ર એક છોડ નથી પરંતુ ભારતીય સંસ્કૃતિમાં ઔષધીય ગુણો,શુદ્ધતા, પર્યાવરણ અને જીવનદાયી પ્રકૃતિનું પ્રતીક છે,

ભક્તિ અને સમર્પણ-તુલસી અને શાલિગ્રામનું પૂજન આપણને પરમાત્મા સાથે પ

બાલદામાં નવનિર્મિત ગ્રા.પં. કચેરીનું લોકાર્પણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૨૦ : પારડી તાલુકાના બાલદા ગામમાં આજરોજ આધુનિક નવનિર્મિત ગ્રામ પંચાયત કચેરીનું પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું જે પ્રસંગે મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા અહીં બાલદા ગ્રામ પંચાયત કચેરીના નવા મકાન માટે પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈએ ગ્રાન્ટ ફાળવી હતી જે મકાન નિર્માણ પામતા આજરોજ આધુનિક ગ્રામ પંચાયતના મકાનનો લોકાર્પણ પારડીના ધારાસભ્ય અને રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું આધુનિક સુવિધાઓ સાથે ગ્રામ પંચાયતના મકાન બની જતા ગ્રામજનોને રાહત મળશે આ પ્રસંગે બાલદાગામના સરપંચ રાહુલભાઈ પટેલ સાથે તમામ પંચાયતના સભ્યો જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ પ્રજ્ઞેશભાઈ પટેલ તાલુકા પંચાયતના પ્રમુખ કિન્નરીબેન પટેલ બાલદા જિલ્લા પંચાયતના સભ્ય નરેશભાઈ પટેલ પારડી તાલુકા ભાજપ પ્રમુખ પુનિતભાઈ પટેલ માજી પ્રમુખ મહેશભાઈ દેસાઈ બાલદા ગામના આગેવાન જતીનભાઈ દેસાઈ સાથે નગરપાલિકાના પ્રમુખ ચેતનભાઈ નાયકા શહેર સંગઠનના પ્રમુખ વિપુલભાઈ પટેલ સહિત આજુબાજુ ગામના સરપંચો તાલુકા પંચાયતના ટીડીઓ સંદીપભાઈ ભગોરા સભ્યો જિલ્લા પંચાયતના સભ્યો અને વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા આ ગ્રામ પંચાયતની કચેરી નિર્માણ પામતા ગ્રામજનોને આધુનિક સુવિધાઓ મળી રહેશે અને વર્ષો સુધી ગ્રામ પંચાયતના લોકોને આધુનિક કચેરીની સુવિધા મળી શકશે પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈએ આ પ્રસંગે ગામના તળાવ ડેવલોપમેન્ટ માટે રૂપિયા ૧૦ લાખની ગ્રાન્ટ આપવાની જાહેરાત કરી હતી.

વલસાડમાં 'નૂતન વર્ષાભિનંદન સ્નેહમિલન' સમારોહ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૦ : વલસાડ વિધાનસભા દ્વારા નવા વર્ષના વધામણા કરવા માટે આગામી તા. ૨૨/૧૧/૨૦૨૬, રવિવારના રોજ નૂતન વર્ષાભિનંદન સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. વલસાડ વિધાનસભાના ધારાસભ્ય ભરતભાઈ કે. પટેલના નિવાસ સ્થાન પાસે આવેલા વલસાડ ના ભાગડાવડા ગામ ના દાદિયા ફળિયા સ્થિત ક્રિકેટ ગ્રાઉન્ડમાં સાંજે ૦૪ કલાકે આ કાર્યક્રમ યોજાશે. આ સ્નેહમિલન કાર્યક્રમની વિશેષતા એ રહેશે કે તેમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ ભાઈ સંઘવી તેમજ ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્મા લાઈવ સંબોધન કરીને કાર્યકરો અને નાગરિકોને નવા વર્ષની શુભકામનાઓ પાઠવશે. નવા વર્ષનો નવો ઉમંગ, સ્નેહ, એકતા અને વિકાસનો સંગે ના સૂત્ર સાથે યોજાનાર આ પ્રસંગે વલસાડ વિધાનસભા મતવિસ્તારના તમામ શુભેચ્છકો, ચૂંટાયેલા પદાધિકારીઓ, સંગઠનના પદાધિકારીઓ અને કાર્યકરોને પરિવાર સહિત ઉપસ્થિત રહેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સૌ ઉપસ્થિતો માટે સ્વરુચિ ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

દમણના આટિયાવાડ અને દુનેઠામાં એઈડસ જાગૃતિ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૨૦ : વિશ્વ એઇડ્સ દિવસ ૨૦૨૬ નિમિત્તે, દામિની મહિલા ફાઉન્ડેશન દ્વારા ૧૯ અને ૨૦ નવેમ્બરના રોજ અટિયાવાડ અને દુનેથા ગ્રામ પંચાયતોમાં HIV/AIDS જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાનના ભાગ રૂપે, મહિલાઓ અને સ્થાનિક નાગરિકોને ઇત્સ નિવારણ, સમયસર પરીક્ષણ અને સારવારના મહત્વ વિશે જાગૃત કરવામાં આવ્યા હતા.

૧૯ નવેમ્બરના રોજ અટિયાવાડ ગ્રામ પંચાયતમાં આયોજિત એક કાર્યક્રમમાં, કોમ્યુનિટી હેલ્થ ઓફિસર (CHO) પ્રકૃતિ પટેલે ઉપસ્થિત મહિલાઓ અને નાગરિકોને HIV/AIDS ના કારણો, નિવારક પગલાં, સમયસર પરીક્ષણ અને ઉપલબ્ધ સારવાર સુવિધાઓ વિશે માહિતી આપી હતી. આ પ્રસંગે ગ્રામ પંચાયતના નાયબ સરપંચ તેજલભાઈ અને ભૂતપૂર્વ સરપંચ ઉર્વશીબેન હાજર રહ્યા હતા. આ સંદર્ભમાં, ૨૦ નવેમ્બરના રોજ દુનેથા ગ્રામ પંચાયતમાં એક જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દુનેથા આરોગ્ય કેન્દ્રના સામુદાયિક આરોગ્ય અધિકારી (CHO) અંકિશા પટેલે ઇત્સ-ચેપના નિવારણ, પરીક્ષણ અને સારવાર અંગે મહત્વપૂર્ણ માહિતી શેર કરી હતી. આ કાર્યક્રમમાં સરપંચ આશાબેન, નાયબ સરપંચ રમેશ ભંડારી, પંચાયત સભ્ય મીનાક્ષીબેન અને નેતા સજય પટેલ હાજર રહ્યા હતા.

બંને ગામોમાં આયોજિત કાર્યક્રમો દરમિયાન, લોકોને HIV/AIDS વિશેની ગેરમાન્યતાઓ દૂર કરવા, તાત્કાલિક પરીક્ષણ કરાવવા અને ચેપગ્રસ્ત વ્યક્તિઓ સાથે ભેદભાવ ન કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તેમને આવા વ્યક્તિઓ સાથે આદરપૂર્વક વર્તવા અને તેમને સામાજિક સહાય પૂરી પાડવા પણ વિનંતી કરવામાં આવી હતી. આ પ્રસંગે, દામિની મહિલા ફાઉન્ડેશનના પ્રમુખ સિમ્પલ કટેલાએ જણાવ્યું હતું કે ફાઉન્ડેશનનો પ્રાથમિક ઉદ્દેશ્ય મહિલાઓમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવાનો અને સમાજના દરેક વર્ગ સુધી સચોટ માહિતી પહોંચાડવાનો છે. સ્વસ્થ મહિલાઓ એ સ્વસ્થ પરિવાર અને મજબૂત સમાજનો પાયો છે.

ફાઉન્ડેશને ભવિષ્યમાં સ્વસ્થ મહિલાઓ, જાગૃત પરિવારો અને સ્વસ્થ સમાજના સંકલ્પ સાથે જનજાગૃતિ પ્રવૃત્તિઓ ચાલુ રાખવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

ધરમપુરના સ્વ. નાનુભાઈ દેસાઈનો શ્રધાંજલિ અર્પણ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

કપરાડા. તા.૨૦ : વલસાડ જિલ્લા ના બહુધા આદિવાસી વિસ્તાર ધરાવતા ધરમપુર અને કપરાડા તાલુકા માં ગ્રામસેવા સભા ધરમપુર ના પ્રણેતા (નાનુ દાઢી તરીકેનું હુલામણા નામ થી કીર્તિ પામેલા સ્વ નાનુભાઈ દેસાઈ દ્વારા વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ થકી ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણ ની સુવાસ ફેલાવી લાખો લોકો ને શિક્ષિત બનાવવાનું ભગીરથ કાર્ય કરું હતું.

જે ને લઈ સ્વ. નાનુભાઈ દેસાઈ ના અમૂલ્ય કાર્યો ને બિરદાવવા માટે ગ્રામસેવા સભા ધરમપુર ના વર્તમાન પ્રમુખ માધુભાઈ રાઉતના આગેવાની માં શ્રદ્ધાંજલિ અર્પણ કાર્યક્રમ યોજાય છે.

આજ રોજ એન. એમ. દેસાઈ સાર્વજનિક હાઈસ્કૂલ બિલપુડી ખાતે સ્વ. નાનુભાઈ દેસાઈ નો ૩૮ મો શ્રધાંજલિ અર્પણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નાનુભાઈ દેસાઈ એ શિક્ષણ માટે કરેલા કાર્યો ને બિરદાવી તેમનું નિખાલસ અને સાદગી ,સેવાભાવી જીવન ને યાદ કરી શ્રધાંજલિ આપી હતી.

આ કાર્યક્રમમાં ટ્રસ્ટના પ્રમુખ માધુભાઈ રાઉત,ટ્રસ્ટ મંડળ ના સભ્યો ઈશ્વરભાઈ માહલા, રમેશભાઈ ગાંવિત તથા ટ્રસ્ટ મંડળ ના સભ્યો, શાળા સ્ટાફ તથા મોટી સંખ્યા માં આગેવાનો ઉપસ્થિત રહી સ્વ નાનુભાઈ દેસાઈને ભાવપૂર્વક શ્રધાંજલિ અર્પણ કરી હતી.

પાનસમાં લાઈબ્રેરી ખુલ્લી મુકાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

કપરાડા, તા. ૨૦ : નાનાપોંઢા તાલુકા ના પાનસ ગામના એક નિવૃત શિક્ષક નગીનભાઈ ગવળી એ નિવૃતિ બાદ પણ શિક્ષણ ની જ્યોત પ્રજ્વલિત રહે અને શિક્ષિત યુવક - યુવતીઓ સ્પર્ધાત્મક ઉપરાંત અન્ય અભ્યાસ માટે એક લાઈબ્રેરી નો શુભારંભ કરી એક સમાજસેવા ની અનોખી પહેલ કરી છે. જે સમાજ માટે ઉદાહરણરૂપ ગણાવી શકાય છે.

ઉલ્લેખનીય છે કે નિવૃત્તિ એટલે માત્ર નોકરીમાંથી મુક્તિ નહીં, પરંતુ સમાજ માટે કંઈક નવું કરવાની એક સુંદર તક પણ છે. આ વાતને સાર્થક કરી બતાવી છે નિવૃત્ત શિક્ષક નગીનભાઈ ગવળીએ. આજ રોજ લાઈબ્રેરી ની રૂબરૂ મુલાકાત લેવામાં આવી જેમાં જયંતિભાઈ પટેલ શીતળ છાંયડો લાઈબ્રેરી નગરિયા, ધીરુભાઈ નાયક માજી ઉપ પ્રમુખ વાપી તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ, જુગલભાઈ પટેલ સામાજિક કાર્યકર , રાજેશભાઈ પટેલ આચાર્ય શ્રી વનવાસી વિકાસ કલ્યાણ પરિષદ સિદુમ્બર ઉપસ્થિત રહી વાચકોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું તથા યથા યોગ્ય સહયોગ આપવાની ખાતરી આપી હતી.

ઉમરગામના સી.એ.એ યુરોપમાં વૈશ્વિક રોકાણકારો સાથે બેઠકો યોજી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૨૦ : ઉમરગામ માટે ગૌરવની ક્ષણ સમાન સમાચાર સામે આવ્યા છે. ઉમરગામના જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) અને ઉદ્યોગ-રોકાણ ક્ષેત્રે સક્રિય CA ચિંતન શાહ ગુજરાત સરકારના સત્તાવાર પ્રતિનિધિમંડળના સભ્ય તરીકે યુરોપના ત્રણ મહત્વપૂર્ણ દેશો ફ્રાન્સ, જર્મની અને નેધરલેન્ડ્સના પ્રવાસે જોડાયા છે. સ્થાનિક સ્તરેથી આંતરરાષ્ટ્રીય મંચ સુધી પહોંચેલી તેમની આ સિદ્ધિથી ઉમરગામ સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ગૌરવની લાગણી જોવા મળી રહી છે. ગુજરાત સરકારના શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાના નેતૃત્વ હેઠળનું પ્રતિનિધિમંડળ આ ત્રણ યુરોપિયન દેશોની મુલાકાતે છે. આ પ્રતિનિધિમંડળમાં ગુજરાત સરકારના વરિષ્ઠ અધિકારીઓ ઉપરાંત ઉદ્યોગ અને રોકાણ ક્ષેત્ર સાથે સંકળાયેલા પ્રતિનિધિઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રવાસનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતમાં વધુને વધુ વિદેશી મૂડીરોકાણ આકર્ષવાનો, આંતરરાષ્ટ્રીય ઔદ્યોગિક સહયોગ વધારવાનો અને ગુજરાતને વૈશ્વિક રોકાણના અગ્રણી કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાનો છે. પ્રવાસ દરમિયાન વિવિધ દેશોના ઉદ્યોગપતિઓ, ઉદ્યોગ સાહસિકો, વેન્ચર કેપિટલિસ્ટ્સ તથા પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય કંપનીઓના પ્રતિનિધિઓ સાથે બેઠકો અને ચર્ચાઓ યોજાઈ રહી છે. યુરોપિયન કંપનીઓને ગુજરાતમાં રોકાણ માટે આમંત્રિત કરી નવી વ્યાપારી તકો ઊભી કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.CA ચિંતન શાહ છેલ્લા કેટલાક સમયથી દક્ષિણ ગુજરાત સહિત સમગ્ર રાજ્યમાં ઉદ્યોગો, સ્ટાર્ટઅપ્સ, MSME ક્ષેત્ર અને રોકાણને પ્રોત્સાહન આપવા માટે સક્રિય કામગીરી કરી રહ્યા છે. નવા ઉદ્યોગો સ્થાપવા માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરવું, ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપવું અને આંતરરાષ્ટ્રીય વ્યાપારી સંબંધોને મજબૂત બનાવવા જેવા મુદ્દાઓ પર તેઓ સતત કાર્યરત છે. ખાસ કરીને ઉમરગામ જેવા ઔદ્યોગિક વિસ્તાર સાથે સંકળાયેલી વ્યક્તિને ગુજરાત સરકારના પ્રતિનિધિમંડળમાં સ્થાન મળવું એ સ્થાનિક વિસ્તાર માટે વિશેષ ગૌરવની બાબત છે. CA ચિંતન શાહની આ આંતરરાષ્ટ્રીય ભાગીદારી ઉમરગામની પ્રતિભા અને ક્ષમતાને વૈશ્વિક સ્તરે ઓળખ અપાવતી સિદ્ધિ બની છે. સ્થાનિક સ્તરેથી વૈશ્વિક મંચ સુધી પહોંચેલી આ સફર માત્ર વ્યક્તિગત સિદ્ધિ નથી, પરંતુ ગુજરાતના ઔદ્યોગિક વિકાસ, વિદેશી મૂડીરોકાણ અને યુવા ઉદ્યોગ સાહસિકો માટે નવી સંભાવનાઓના દ્વાર ખોલે તેવી મહત્વપૂર્ણ પહેલ બની શકે છે.

વાપીની સેંટ ઝેવિયર્સ સ્કુલમાં ચિલ્ડ્રન ડે ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૦ : સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, વાપી ખાતે ૧૯ નવેમ્બર, ૨૦૨૬ના રોજ બાળદિવસની ઉજવણી ઉત્સાહ, ઉમંગ અને હર્ષોલ્લાસ સાથે કરવામાં આવી હતી. બાળપણનું મહત્ત્વ સમજાવવા અને બાળકોની પ્રતિભા તથા સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવાના હેતુથી આયોજિત આ કાર્યક્રમમાં જ્ઞાન, મનોરંજન, રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો.

કાર્યક્રમનો પ્રારંભ વિશેષ પ્રાર્થનાસભાથી થયો હતો. જેમાં પ્રભુ પ્રાર્થના, બાઇબલ વાચન અને વિશેષ પ્રાર્થના બાદ મધુર પ્રાર્થનાગીતો રજૂ કરવામાં આવ્યાં હતાં. શાળાનાં આદરણીય ચેરમેન ડૉ. એ. એફ. પિન્ટોનો વિશેષ સંદેશ શાળાનાં પ્રેસિડેન્ટ ગ્રેસી ચામડિયા દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શિક્ષકોએ કવિ સંમેલન દ્વારા પોતાની કાવ્યપ્રતિભા રજૂ કરી ઉજવણીમાં વિશેષ રંગ ઉમેર્યો હતો. વિવિધ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓની ઉત્સાહભરી ભાગીદારીએ આ દિવસને તમામ ઝેવેરાઇટ્સ માટે આનંદમય, પ્રેરણાદાયક અને અવિસ્મરણીય બનાવી દીધો હતો.

સામરવણીમાં ૨૭ નવેમ્બરે GST જાગૃતિ અને સહાયતા શિબિર યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સેલવાસ, તા. ૨૦ : ભારત સરકારના નાણાં મંત્રાલય અને સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ (CBIC)ના નિર્દેશ અનુસાર ૧૦૦ દિવસીય GST કરદાતા સંપર્ક અને સહાયતા કાર્યક્રમ અંતર્ગત આગામી ૨૭ નવેમ્બર, શુક્રવારે સામરવણી ગ્રામ પંચાયત ખાતે વિશેષ GST જાગૃતિ અને સહાયતા શિબિરનું આયોજન કરવામાં આવશે.

સેન્ટ્રલ GST અને સેન્ટ્રલ એક્સાઈઝ, દમણ કમિશનરેટના ડિવિઝન-VII દ્વારા આયોજિત આ શિબિર સવારે ૧૦:૩૦ વાગ્યે શરૂ થશે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિસ્તારના વેપારીઓ, દુકાનદારો, નાના ઉદ્યોગકારો અને સેવા - દાતાઓને GST નોંધણી સાથે જોડવાનો છે. શિબિરમાં પાત્ર વ્યક્તિઓને GST નોંધણીની પ્રક્રિયા, જરૂરી દસ્તાવેજો અને ઓનલાઈન અરજી અંગે સંપૂર્ણપણે નિ:શુલ્ક માર્ગદર્શન તથા વ્યવહારુ સહાય પૂરી પાડવામાં આવશે.

આ ઉપરાંત નાના વેપારીઓ અને MSME એકમોને GST સંબંધિત પડતી સમસ્યાઓના નિરાકરણ તેમજ તેમની ફરિયાદોના નિવારણ માટે ખુલ્લા સંવાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિર દ્વારા સ્થાનિક વેપારીઓ અને નાના ઉદ્યોગકારોને GST સંબંધિત પ્રક્રિયાઓ અંગે યોગ્ય માહિતી અને માર્ગદર્શન મળી રહેશે. આયોજકો દ્વારા સંબંધિત વેપારીઓ, દુકાનદારો અને ઉદ્યોગકારોને આ નિ:શુલ્ક શિબિરનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.



અને કેન્સર મટી ગયુ!?

રાજનીતિના જપત્નીને સ્તનનું કેન્સર થયું ઓપરેશન, કિમો થેરપી, રેડિએશન, શેક વગેરે નિયમિત રીતે ડોક્ટરોની સલાહ પ્રમાણે લીધા. થોડો સમય બધું સમુંસૂતરું રહ્યું, પણ પછી.. કેન્સરે ઊથલો માર્યો. ફરીથી ઓપરેશન, કેમોથેરેપી અને રેડિએશન લીધાં.... ડોક્ટરોને પૂછ્યું હવે આગળ શું ? આપણે હાલના સમયમાં જે પણ બેસ્ટ અને બહેનને તેમજ કેન્સરનાં સ્ટેજને જરૂરી છે, તે બધી જ ટ્રીટમેન્ટ કરી દીધી છે. આગળ આપણે બહેનને જોતાં રહેશું અને જો કેન્સર શાંત રહેશે, જેને રેમિશન કહેવાય, તો રાહ જોશું અને પ્રાર્થના કરશું કે રેમિશન પિરિયડ લાંબો રહે?

ક્રિકેટર પત્ની આનાથી સંતોષ ન પામ્યાં એટલે એમણે ગૂગલ અને બીજે બધેથી જ્ઞાન મેળવવાનું શરૂ કર્યું અને એમની પત્નીને એમણે શોધેલી દવા આપવાનું શરૂ કરી દીધું ! સવારે ઊઠો એની સાથે લીંબુપાણી, ત્યારબાદ કડવા લીમડાનાં પાંદડાં, લસણ, લીલું હળદર, તુલસી, મરી, એલચીનો ઉકાળો, ઉપર બીટ અને આંબળાનો જ્યુસ અને હા, પાણી - જે દર્દીએ પીવાનું છે - એની પીએચ સાત જ હોવી જોઈએ.

આ બધું કર્યા પછી એમનાં પત્નીના રિપોર્ટ નોર્મલ આવ્યા. કેન્સરની હાજરી ન પકડાઈ ! આને આધુનિક ભાષામાં રેમિશન કહેવાય. એટલે કે, કેન્સરે અત્યારે આ સમયે સીઝ ફાયર જાહેર કર્યું છે. આ રેમિશન કેટલો વખત ચાલે એનું કાંઈ નક્કી નહીં, પણ એક વાત છે, જો આ રેમિશનનો ગાળો પાંચ વર્ષ કે એનાથી લાંબો થઈ જાય તો આધુનિક વિજ્ઞાન એને ક્યોર અથવા કેન્સર મટી ગયું છે એમ ડિક્લેર કરી દે ! આપણા ક્રિકેટર પતિનાં પત્નીના કેસમાં આ ગાળો હજુ ફક્ત થોડા મહિનાનો જ થયો છે એટલે ડોક્ટરમિત્રો કેન્સર મટી ગયું એમ કહેવા કરતાં રાહ જોવાની સલાહ આપે છે. બીજું, જે કાંઈ દવાઓ (એલોપેથિક) લીધી છે, એની અસરનાં કારણે પણ આ રેમિશન ગાળો આવે તેમજ ક્યારેક કુદરતી રીતે પણ કંઈ કર્યા વગર પણ રેમિશન પિરિયડ આવે છે.

કુદરત પણ કેટલીકવાર મેજિક કરે છે ! આજથી લગભગ ૪૦ વર્ષ પહેલાં ૧૩ - ૧૪ વર્ષના બે છોકરાને ગળામાં ગાંઠ હતી. બાયોપ્સી કરીને ગાંઠ ટાટા હોસ્પિટલ મોકલી, જેનો રિપોર્ટ હતો લિમ્ફોમા, જેની વધુ સારવાર ત્યારે મુંબઈમાં જ થતી. બંને બાળકના સગાં પણ મુંબઈમાં જ હતાં એટલે એ લોકો મુંબઈ ગયા. એક બાળકે બધી જ ટ્રીટમેન્ટ ત્યાંના ડોક્ટરોની સલાહ પ્રમાણે લીધી, જ્યારે બીજાને આ વાતાવરણ જ ન ગમ્યું એટલે ત્યાંથી ભાગી ગયો... એટલે હવે જે થાય તે, બીજું શું! એમ કહીને થાકીને એનાં મા - બાપ એને પાછો લઈ આવ્યા. જેણે રેગ્યુલર ટ્રીટમેન્ટ લીધી હતી, એ ચાર-પાંચ વર્ષ પછી ગુજરી ગયો, જ્યારે જેણે ટ્રીટમેન્ટ બિલકુલ નહોતી લીધી, એ હજુ આજે પણ મળવા આવે છે!

બે બાળકની માતાને મોટાં આંતરડાંની પાછળ સેક્રો - કોક્સિજિયલ ટટ્યુમર થયું. બધી તપાસ પછી ઓપરેશન કરવાનું નક્કી થયું, પણ સર્જને ચોખ્ખું કહ્યું કે આ ગાંઠ કાઢશું તો એની સાથે મૂત્ર અને સંડાસ બંને કંટ્રોલમાં નહીં રહે તેમજ પગના જ્ઞાનતંતુઓ પણ ઈજાગ્રસ્ત થવાથી ચાલી પણ નહીં શકે. ઓપરેશન થઈ ગયું. ડોક્ટર સાહેબોએ કહ્યા મુજબ ચાલવામાં તકલીફ તેમજ મળ-મૂત્ર કંટ્રોલ વગર થઈ જવાં વગેરે તકલીફો શરૂ થઈ. પણ, બહેનની સાસુએ ગાય પાળી, એનું તાજું દૂધ રોજ પીવડાવવાનું શરૂ કર્યું. આજે બહેન આરામથી ચાલે છે. મળ-મૂત્ર ઉપર તો વહેલો જ કંટ્રોલ આવી ગયો હતો અને બંને છોકરાને પરણાવીને દાદી બની ગયાં છે ! આમાં ગાયનું દૂધ કે પછી કુદરતનો મેજિક હતો ? આને સ્પોન્ટેનિયસ રિકવરી અથવા એસ.આર. કહે છે. દુનિયામાં આવા અનેક કેસો નોંધાયેલા છે. લગભગ ૬૦૦૦૦થી એક લાખ કેસોમાંથી કોઈ એકમાં આવું બને છે. પણ હા, દર વખતે આપણે આ એસ.આર.માં હશું એવું માનીને બેસી રહેવાથી નુકસાન થશે. રોગ આગળ વધી જશે અને પછી ભહુ જ હેરાન થવાનો વારો આવશે.

હવે આપણે રેમિશન અને ક્યોર એટલે શું ? રેમિશન એટલે થોડાક સમય માટે રોગના લક્ષણોં ન દેખાય - રિપોર્ટમાં પણ ન આવે, પણ એનો અર્થ એવો નથી કે રોગ મટી ગયો છે - ક્યોર થઈ ગયો છે. આ રેમિશનનો ગાળો જો પાંચ વર્ષ કે એનાથી લાંબો રહે તો નિષ્ણાતો એને ક્યોર કહે છે. આ રેમિશન પિરિયડને ક્યોર ન ગણી શકાય. એવી ભૂલ કરવાથી આપણે રોગ વિશે બેફિકર થઈ જઈએ છીએ અને બિનવૈજ્ઞાનિક પદ્ધતિઓ તરફ આકર્ષાઈ જઈને એને કારણે અમને આવો ખતરનાક રોગ મટી ગયો એમ કહીએ છીએ ! એટલે રેમિશન પિરિયડમાં થોભો અને રાહ જુઓ તે મ જ નિષ્ણાત ડોક્ટરોનાં માર્ગદર્શનમાં જ રહો.

કેન્સરના દર્દીઓ તેમજ એનાં સગાં-વહાલાં પણ એ વખતે બહુ જ મુંઝાયેલાં હોય છે. એ વખતે કેટલાક અલ્ટરનેટિવ મેડિસિનવાળા વૈજ્ઞાનિક સાબિતીઓ વગર જ ગમે તેવી દવાઓ, ખોરાકમાં પરેજીઓ વગેરે કરાવીને ખોટી ભ્રમણામાં રાખીને જે કેન્સર શરૂઆતના તબક્કામાં હતું અને ફક્ત સર્જરી કરીને એને કાઢી શકાય એમ હતું- કેમોથેરેપી કે રેડિયેશનની જરૂર જ નહોતી એવા પ્રથમ તબક્કાના કેન્સરને મેટાસ્ટેટિક એટલે કે શરીરના બીજા ભાગોમાં પણ ફેલાયેલા કેન્સરના તબક્કામાં પહોંચાડીને પછી એમ કહે કે હવે તમે ઓપરેશન કરાવી નાખો, કારણ કે કેન્સર બહાર જ આવી ગયું છે ! જો કે, આ હાસ્યાસ્પદ લાગે છે, પણ લોકોની મજબૂરીનો લાભ લેવાતો હોય છે.

આગળ વધી ગયેલા કેન્સર માટે અમુક લોકો દક્ષિણ ગુજરાતથી કે તિબેટથી કંઈક ફાકી જેવું મગાવે છે અને એને ગાયના તાજા પેશાબ સાથે લેવાનું કહેવાય છે. આમાં તમે જો બરોભર નિયમિત રીતે નહીં કરો તો અમારી જવાબદારી નહીં એવું પણ એ લોકો કહેતા હોય છે અને જ્યારે કંઈ ઈલાજ ન ભચ્યો હોય ત્યારે લોકો બિચારા કરે પણ શું ?

કોમિલમેન્ટરી ટ્રીટમેન્ટ એ આ અલ્ટરનેટિવ ટ્રીટમેન્ટથી પાછી અલગ છે. આમાં તમારી મુખ્ય દવાઓ - ટ્રીટમેન્ટ જે - તે નિષ્ણાત ડોક્ટરો દ્વારા ચાલે છે, એને બિલકુલ બંધ કરવાની હા તી નથી, પણ એની સાથે માનસિક અને શારીરિક તેમજ રોગપ્રતિકારક શક્તિ વધે એના માટેનું માર્ગદર્શન જ હોય છે. જેમ કે, મેડિટેશન કરવું, જેથી મગજમાં ચાલતા નેગેટિવ વિચારો ઓછા થઈ થઈ જાય. પ્રાણાયામ કરવાથી શરીરના દરેક કોષને વધુ ઓક્સિજન મળે તેમજ ફેફસાંના સ્નાયુઓને પણ કસરત મળે. સારું સંગીત સાંભળવું કે વૃક્ષો વચ્ચે સવારે-સાંજે ચાલવા જવું, પૌષ્ટિક ખોરાકે લેવો અને પૂરતી ઊંઘ લેવી વગેરે... જેનાથી મુખ્ય ટ્રીટમેન્ટના ફાયદાઓ વધે તેમજ એની સાઈડ ઈફેક્ટની અસરો ઓછી થઈ જાય, પણ આને મુખ્ય ટ્રીટમેન્ટ માની ન શકાય. આ તો મુખ્ય ટ્રીટમેન્ટને મદદરૂપ છે. જેમ કે મેઈન કોર્સ જમવાનો તો અગત્યનો જ હોય છે, સૂપ લ્યો એ મેઈન કોર્સ નથી જ!

હવે આપણે વિચારીએ કે સ્પોન્ટેનિયસ રિગ્રેશન અથવા કુદરતી રીતે જ ઘણીવાર કેન્સર જેવા રોગ કઈ રીતે મટી જતા હોય છે? તો એમાં થણાં બધાં ઘટકો સ્વતંત્ર રીતે અથવા એકબીજાં સાથે મળીને કાર્ય કરતાં હોઈ શકે! જેમ કે થણીવાર કેન્સરના દર્દીને તાવ આવે પછી જ્યારે જોવામાં આવે ત્યારે કેન્સરના કોષો રેમિશનમાં જતા રહ્યા હોય છે, એટલે તાવ.... જેનાથી શરીરના રોગપ્રતિકારક કોષોઉત્તેજિત થઈ જઈને તાવમાટેનાં કારણથી લડવા માંડેજેથી સાથે સાથે કેન્સરના કોષોને પણ એ મારવા માંડે છે તેમજ તાવનાં કારણે જે રોગપ્રતિકારક શક્તિ વધી

હોય, એનો ફાયદો આડકતરી રીતે કેન્સર મટાડવા માટે પણ શરીર કરે છે એવું નિષ્ણાતો માને છે, કેમ કે ઘણા દર્દીઓમાં કોઈ કારણસર તાવ પછી કેન્સરમાં ઘટાડો જોવા મળ્યો હતો. ક્યારેક એવું પણ બને કે કેન્સર કોષો વધુમાં વધુ વિભાજિત થઈને વધુમાં વધુ નુકસાન પહોંચાડવાની એની ઈચ્છા હોય છે, પણ કોષ વિભાજિત થવા માટે ટેલોમેઅર - પૂંછડી ટૂંકી થતી હોય છે. આમ, કેન્સરમાં સામાન્ય રીતે એને ટૂંકી થવા નથી મળતું, પણ કોઈ કારણસર કુદરતી રીતે જ જો એ ટૂંકી થવા માંડે તો કેન્સરનું આયુષ્ય પણ ટૂંકું થઈ જાય અને...

તમે કેન્સરમુક્ત થઈ શકો.. પણ આ બધું જો અને તો ઉપર છે!

કોઈકવાર એવું બને કે કેન્સરના કોષો, જે અમરત્વ ધરાવતા હોય છે, એમને મૃત્યુ ન થવાનું વરદાન છે. આવામાં એ વરદાન જતું રહે તો....કોષો પોતાની મેળે એની આવરદા પૂરી થાય એમ પોતાની જગ્યા ખાલી કરીને નવા કોષોને જગ્યા આપે, જેમ પીળાં પાન ખરીને નવી કૂંપળોને જગ્યા આપે છે ! આવું થાય તો એ કારણે પણ કેન્સર કુદરતી રીતે ગાયબ થઈ જતું દેખાય છે !


આપણે પણ મદદરૂપ બનીએ, પણ થાય છે એવું કે આપણે કુદરતનાં કાર્યમાં દખલગીરી જ કરીએ છીએ ! જાણે આપણે ઈચ્છીએ છીએ આપણને રોગ થાય !

તો હવે કુદરતનાં કાર્યમાં મદદરૂપ કઈ રીતે થઈ રશકીએ ? શરીરને જોઈતા પ્રમાણમાં જ કેલેરીવાળો પૌષ્ટિક ખોરાક - બની શકે તો તાજો જ - લઈએ. ઋતુ પ્રમાણેનાં ફળો, શાકભાજીનો ઉપયોગ વધુ કરીએ

મહા દાનેશ્વર ગુફા (છોટા અમરનાથ), બાંદીપોરા











મહા દાનેશ્વર ગુફા (છોટા અમરનાથ), બાંદીપોરા

જીવનમાં એકવાર અવશ્ય અનુભવવા જેવી દિવ્ય યાત્રા.

તમામ ભક્તો અને શ્રદ્ધાળુઓને આ પવિત્ર યાત્રામાં જોડાવા હાર્દિક આમંત્રણ છે. કૃપા કરીને ચિત્રમાં દર્શાવેલા યાત્રાના સમયપત્રકનું પાલન કરશો.

પરિચય

મહા દાનેશ્વર ધામ, જેને પ્રેમથી 'છોટા અમરનાથ' તરીકે ઓળખવામાં આવે છે, તે કાશ્મીરી પંડિતો માટે અત્યંત પવિત્ર અને ઐતિહાસિક ધાર્મિક સ્થળોમાંનું એક છે. દાનેશ્વર મહાદેવની આ યાત્રાનું મૂળ કાશ્મીરની પ્રાચીન હિન્દુ પરંપરાઓમાં રહેલું છે, જે પેઢી દર પેઢી આગળ વધતી આવી છે.

કઠિન અને ઊભા ચઢાણવાળા પહાડી માર્ગે મહાદેવના ધામ સુધી પહોંચવું, બર્ફીલા ઠંડા પાણીમાંથી પસાર થઈને આશરે ૬૦ મીટર લાંબી ગુફામાં સરકીને પ્રવેશ કરવો અને અંતે ભગવાન મહાદેવનાં દર્શન કરી તેમના ચરણોમાં શીશ નમાવવું – આ સમગ્ર યાત્રા માત્ર તમારી શારીરિક ક્ષમતાની જ નહીં, પરંતુ તમારી આધ્યાત્મિક શક્તિની પણ કસોટી કરે છે અને તેને વધુ મજબૂત બનાવે છે.

સ્થાન અને યાત્રાનો માર્ગ

હિમાલયની પર્વતમાળાની ગોદમાં, ઉત્તર કાશ્મીરના બાંદીપોરા જિલ્લામાં આવેલા દરદપોરા ગામની અરિન ખીણના ગાઢ જંગલોમાં આ પવિત્ર ગુફા આવેલી છે.

આ વિસ્તાર હિમાલયના ભેજવાળા સમશીતોષ્ણ જંગલોનો એક ભાગ છે, જ્યાં મુખ્યત્વે કૈલ અને ફરનાં વૃક્ષો જોવા મળે છે. આ વિસ્તારમાં કાળું રીંછ, ભૂરું રીંછ, કસ્તુરી મૃગ અને સામાન્ય દીપડો જેવા અનેક વન્યજીવો પણ વસવાટ કરે છે.

આ યાત્રા અરિન-દરદપોરા માર્ગે, શમથાનનાં મનમોહક જંગલો અને આસપાસનાં અદભુત કુદરતી દૃશ્યો વચ્ચેથી પસાર થાય છે.

પવિત્ર યાત્રાનો પ્રારંભ શમથાનથી થાય છે. રસ્તામાં ગોપન નાગ / વતન નાગ અને નઝરાન જોય જેવા સુંદર સ્થળો આવે છે, જેમાં નઝરાન જોય એક અદભુત નજારો ધરાવતું સ્થળ છે.

ત્યારબાદ બુટનાગ આવે છે, જ્યાં પવિત્ર ગુફા તરફ આગળ વધતાં પહેલાં સ્નાન કરવાની પરંપરા છે. આગળ નિરંદોર નામનું નાનું અને સુંદર ઘાસનું મેદાન આવે છે, જ્યાંથી ગુફા તરફની ચઢાઈ શરૂ થાય છે.

યાત્રાળુઓએ ગુફા સુધી પહોંચવા માટે આશરે ૬૦ મીટર જેટલું અંતર સરકીને પસાર કરવું પડે છે. ગુફાની અંદર ભગવાન શિવના સ્વરૂપની કુદરતી રચનાઓ જોવા મળે છે. આ એક ગુફા મંદિર છે, જ્યાં કુદરતી રીતે સ્વયંભૂ શિવલિંગ પ્રગટ થયું હોવાનું માનવામાં આવે છે. ગુફાની છત પરથી પાણીનાં ટીપાં સતત શિવલિંગ પર ટપકતાં રહે છે.

રક્ષાબંધનના પવિત્ર દિવસે દર વર્ષે યોજાતા વાર્ષિક ઉત્સવ દરમિયાન આ યાત્રા એક જ દિવસમાં પૂર્ણ કરવામાં આવે છે.



ચશ્મે બદૂર કશ્મીર

ડો. રાધિકા ટીક્કુ, વલસાડ

ગુફાના અંતિમ ભાગમાં આશરે પાંચથી છ વ્યક્તિઓ એકસાથે રહી શકે તેવી જગ્યા છે, જ્યાં ભગવાન મહાદેવ અને તેમના પરિવારની પૂજા-અર્ચના કરવામાં આવે છે.

પૌરાણિક માન્યતા અનુસાર, આ ગુફા એ સ્થળ છે જ્યાં ભગવાન શિવે પાંડવોને અમરત્વનું રહસ્ય સમજાવ્યું હતું.

યાત્રાના માર્ગમાં પથ્થરોની રચનાઓમાં કોતરવામાં આવેલી પૌરાણિક માન્યતા

હિન્દુ ધર્મમાં આ ગુફાને અત્યંત પવિત્ર સ્થાન માનવામાં આવે છે અને તેને ભગવાન શિવનાં પવિત્ર નિવાસસ્થાનોમાંનું એક ગણવામાં આવે છે.

કેટલીક પ્રાચીન શિલ્પાકૃતિઓ અને ખડકમાં કોતરેલી જગ્યાઓ પણ જોવા મળે છે. સંભવતઃ આ રચનાઓ કોઈ પ્રાચીન ગુફા મંદિરની યાત્રા સાથે અથવા પ્રાચીન બૌદ્ધ સ્થળો સાથે સંકળાયેલી હોઈ શકે છે.

આ સ્થળોની તમામ પ્રાચીન મૂર્તિઓ હાલમાં ગાયબ છે. કેટલીક અવશેષ સામગ્રી નજીકમાંથી પસાર થતી નાની નદીમાં ધોવાઈ ગઈ હોવાની પણ શક્યતા છે.

આ વિસ્તારના પ્રાચીન સમાજો, તેમની સંસ્કૃતિ અને અહીંના ઐતિહાસિક વારસા વિશે વધુ અભ્યાસ અને સંશોધન કરવાની જરૂર છે.

પવિત્ર યાત્રા

પરંપરાગત રીતે શ્રાવણ પૂર્ણિમાના દિવસે, જે દિવસે અમરનાથ યાત્રાનું વિશેષ મહત્ત્વ છે, લોકો દાનેશ્વર મહાદેવનાં દર્શન માટે જતા આવ્યા છે.

દાનેશ્વરની પવિત્રતા દક્ષિણ કાશ્મીરમાં આવેલી ભવ્ય અમરનાથ યાત્રા સાથે આધ્યાત્મિક રીતે જોડાયેલી છે. ભક્તોની એવી શ્રદ્ધા છે કે શ્રાવણ પૂર્ણિમાના દિવસે દાનેશ્વરનાં દર્શન કરવાથી પહલગામની અમરનાથ ગુફાનાં દર્શન સમાન આશીર્વાદ અને આધ્યાત્મિક સંતોષ પ્રાપ્ત થાય છે.

દાનેશ્વર મહાદેવનાં દર્શન કરવા માટે સમગ્ર ખીણમાંથી શ્રદ્ધાળુઓ આવે છે. તેઓ અહીં ઊંડી આધ્યાત્મિક અનુભૂતિની શોધમાં આવે છે.

પરંપરાગત રીતે 'શરવાની પૂર્ણિમા'ના દિવસે યોજાતી આ યાત્રામાં ગુફા નજીક આવેલા મહા જ્ઞાનેશ્વર મંદિરનાં દર્શન અને પૂજા-અર્ચના ઉપરાંત, આ વિસ્તારના પડકારજનક પહાડી માર્ગો પરથી પસાર થવાનો પણ સમાવેશ થાય છે. આ યાત્રા શ્રદ્ધાળુઓને કુદરતની નજીક લાવે છે અને તેમને પોતાના અંતરાત્મા સાથે જોડાવાની તક આપે છે.

માતા શારદા ટ્રસ્ટ, કાલૂસા, બાંદીપોરા આ વાર્ષિક યાત્રાનું સુચારુ આયોજન કરવામાં પ્રશંસનીય કાર્ય કરી રહ્યું છે.

આયોજકોની સમર્પિત અને નિષ્ઠાવાન મહેનત તથા યુવા સ્વયંસેવકોના સહયોગથી આ યાત્રાનું આયોજન કાલૂસામાં આવેલા માતા શારદાના પ્રાચીન મંદિરથી કરવામાં આવે છે.

દાનેશ્વર મહાદેવની પવિત્ર ગુફા ભવિષ્યમાં એક સમૃદ્ધ અને ટકાઉ ધાર્મિક પર્યટન સ્થળ તરીકે વિકસી શકે છે, જ્યાં પ્રકૃતિના ખોળામાં ભક્તિ, શાંતિ અને આધ્યાત્મિકતાનો અનોખો અનુભવ પ્રાપ્ત થાય.

આ સ્થળની અસ્પર્શિત કુદરતી સુંદરતા અને તેનું આધ્યાત્મિક મહત્ત્વ તેને શ્રદ્ધાળુઓ તેમજ પ્રવાસીઓ બંને માટે એક આદર્શ સ્થળ બનાવે છે.

ભગવાન શિવનું આ પવિત્ર ધામ આપણને દિવ્ય અનુભૂતિ કરાવવાની સાથે આપણાં આધ્યાત્મિક મૂળ અને સાંસ્કૃતિક વારસા સાથે પણ જોડે છે.

દર વર્ષે જવું શક્ય ન હોય તો પણ જીવનમાં ઓછામાં ઓછી એકવાર આ દિવ્ય ગુફાનાં દર્શન અવશ્ય કરવા જોઈએ.

જય દાનેશ્વર મહાદેવ!

જય માતા કાશ્મીરા!


સમાજના જ્ઞાનવાન, નમ્ર અને જાણકાર વ્યક્તિઓને વિનંતી છે કે આ લેખમાં દર્શાવેલી વિગતોમાં કોઈ સુધારો જરૂરી હોય તો જણાવશો. આ પવિત્ર સ્થળ સાથે જોડાયેલું પોતાનું જ્ઞાન, લોકકથાઓ, પરંપરાઓ, સ્મૃતિઓ અને વ્યક્તિગત અનુભવો પણ જરૂરથી વહેંચશો, જેથી આપણી આ અમૂલ્ય સાંસ્કૃતિક અને ધાર્મિક વિરાસતને આવનારી પેઢીઓ માટે સાચવી શકાય.

બટાકાની બોલબાલા ને બટાકાના ટેસડા...!

વર્ષ બદલાય, સંવત બદલાય, મહિના બદલાય, દિવસ બદલાય, ચોઘડિયા બદલાય, રાશિ બદલાય, પણ માનવીના લખ્ખણ અને સભલા નહિ બદલાય..! આમાં વાઈફ અપવાદ છે. ચોઘડિયા સારા હોય કે, ખરાબ હોય, વાઈફ સાથે માથાઝીંક નહિ કરવાની. તેલ લેવા ગયા ચોઘડિયા..! જેવી મળી તેવી સાચવી રાખવાની. કુંવારાને એક માટે ફાંફા પડે, તો પરણેલાએ ઢળતી ઉમરે ઢળેલા રહીને, જે મળી છે એને સાચવી જ રાખવાનું..! પાકટ ઉમરે બહુ પલાખા નહિ કાઢવાના..! શું કહો છો રતનજી..? એની જાતને, ચમનીયા કીચ કીચથી કંટાળીને, પિયરમાં પલાયન થયેલી ચંચીને, પિયરવાસ સ્વીકાર્યાને આ સાતમું વર્ષ ચાલે છે, કુંડળીમાં એવું કુંડાળું આવ્યું કે, ચમનીયો સાત વર્ષથી એકલો ચુલ્હામાં ફૂંકણી ફૂંકે છે. તમને ખબર તો છે કે, ચમનીયો એટલે, રાશિ ચોઘડિયામાં ભારે શ્રધ્ધાળુ..! ખાવાનું પણ શુભ અને સારા ચોઘડીયામાં જ બનાવે. ભારતીય જ્યોતિષ શાસ્ત્રના સૌથી વિખ્યાત ઋષિ મહર્ષિ પરાશર અને મહર્ષિ ભૃગુનો વારસદાર હોય તેવો..! એ તો સારું છે કે, એના હાથની વાત ન હતી. નહિ તો, કાળી ચૌદશને બદલે, લાભ પાંચમે જ જનમ લીધો હોત. અમુક કારભાર ભગવાનના હાથમાં છે, એટલું સારું...!

વિચાર આવે કે, આ રાશિ-ચોઘડિયાની હકુમત માત્ર માણસ જાત ઉપર જ ચાલતી હશે કે..? પશુ, પંખી, જળચર, સ્થળચર કે વનસ્પતિઓના રાશિ ભવિષ્ય, કેમ કોઈ ભવિષ્યવેતા લખતા નથી ? કે કાગડાએ શનિવાર દક્ષીણ દિશામાં જવું નહિ કે, કુતરાએ મંગળવારે ભસવું નહિ, ચકલીએ તુલા રાશિના ઘરે માળો બાંધવો નહિ કે, સિંહે સોળ સોમવાર કરવા વગેરે વગેરે..! એમને શું મંગળ-બુધ-ગુરુ-શુક્ર-શનિ કે રાહુની અસરો વર્તાતી ના હોય ? સજીવ તો એ પણ છે ને..? આ અસર વનસ્પતિને પણ લાગુ પડવી જોઈએ. હજ્જારો વર્ષથી બટાકા ચલણમાં છે, એને તો કંઈ નડતું જ નથી. માણસને જ નડે..! ખાવા બેસે ત્યારે અમુકને ભીંડા નડે, પાપડી નડે, રીંગણ નડે, કારેલા નડે, કોઈને કઠોળ નડે..! અમારા ચમનીયાને બારેય માસ બટાકા નડે. મને કહે, 'રમચાં..!' ('રમેશચંદ્ર મગનલાલ ચાંપાનેરી' નું શોર્ટ ફોર્મ..!) તને મરચા તો લાગશે, પણ મને કોઈ એક કલાક માટે પણ વડા-ધાન બનાવે તો, આ બટાકાને દેશ નિકાલ કરી દઉં..! સાલું, જ્યાં પણ જમવા જાવ ત્યાં, થાળીમાં બટાકો તો આવે જ..! 'મારા એકના એક સાસરે (ઘણાને ઘણા પણ હોય, ને અમુકને બિલકુલ પણ ના હોય..!) હું પહેલીવાર ગયેલો, અને સાસરે રોકાવાની સપ્તાહ માંડેલી. સાસુએ છ દિવસ સુધી તો, કોઈને કોઈ શાક સાથે બટાકા ખવડાવ્યા.પછી કહેવું પડ્યું કે, ' બા..! (બા જ કહેવું પડે, ભલે બા ની દીકરી સંબંધમાં વાઈફ થતી હોય..!) આજે બટાકાનું શાક નહિ બનાવતા. બટાકા ક્યાં મુક્યા છે તે બતાવી દો. આ બટાકા હવે કેર વરતાવે છે..! મારું પેટ એરબેગ જેવું થઈ ગયું. મારી કુંડળીમાં લખ્યું છે કે, બટાકાનો અતિરેક કરવો નહિ..!' તારા કપાળમાં કાંદા ફોડું..!

નહિ જાણતા હોય તો કહી દઉં, બટાકો પણ અંગ્રેજની માફક પરદેશી છે. બટાકાની ખાધે એવા ગુલામ બનાવી દીધા કે, આજે બટાકો રસોડાનો રાજા બની ગયો. દક્ષિણ અમેરિકાના પેરુ અને બોલિવિયાના એન્ડીઝ પર્વતમાળાના વિસ્તારમાંથી આયાત થયેલા બટાકાએ એવા મોહાંધ કરી દીધા કે, ઘર ઘર શૌચાલય'ની માફક, ઘર ઘરમાંથી બટાકા નીકળે. ૧૮મી સદીના અંતમાં વોરેન હેસ્ટિંગ્સ (ગવર્નર જનરલ) ના સમયમાં બંગાળમાં બટાકાની પ્રથમ ખેતી શરૂ થયેલી, અને એ યુરોપનો મુખ્ય ખોરાક બની ગયો. શાકભાજીનો સમ્રાટ બની ગયો. પ્રદેશ પ્રમાણે જેમ દેવ-દેવીઓ જુદા જુદા નામે ઓળખાય, એમ બટાકો પણ -દેશ પ્રમાણે અલગ નામથી ઓળખાવા લાગ્યો. ફ્રાંસમાં તે પોમ દ તેર (Pomme de terre) એટલે કે 'જમીનના સફરજન' થી, જર્મનીમાં કાર્ટોફેલ (Kartoffel)થી, ચીનમાં તુદૌ (Tudòu)થી, સ્પેન/લેટીન અમેરિકા (સ્પેનીશ) માં પાપા (Papa)થી, રશિયામાં કાર્ટોશકા કે કાર્તોફેલથી ઓળખાય. ને ભારતમાં તે પટેટો, બટાકો, બટાકી, આલુ, અને સંસ્કૃતમાં આલુક્મ વગેરે નામોથી તળાય, રંધાય, ખવાય ને ચવાય..! જો કે, આપણે બટાકા ઉપર PHD કરવી નથી. પણ આ તો એક વાત..! કોઈ ગામના પ્રવાસે નીકળ્યા પછી જો કોઈ અંગત સ્નેહીનું ઘર રસ્તામાં આવતું હોય તો, ટકોરા કરતા જઈએ, એ પ્રમાણે તમારી થોડીક ઐતિહાસિક પજવણી કરીને ખેંચી..!



બટાકો પણ ભગવાનની ભેટ છે. જેનું કોઈ નથી હોતું, એનો ભગવાન હોય છે, એમ શાકભાજીની દુનિયામાં જેનું કોઈ નથી, એનું બટાકું હોય..! એના કપાળમાં કાંદા ફોડું મિલનસાર પણ એવો કે, કોઈપણ શાકભાજી સાથે સેટ થઈ જાય. સર્વ ધર્મ સમભાવ જેવો. રસોડાનો કોમન ફ્રેન્ડ એટલે બટાકો..! રીંગણ ,વટાણા ,ફલાવર, કારેલા, ટીંડોળા સાથે તો લવ માં પડ્યો હોય એમ, એકબીજા વગર બંને છુટા નહીં પડે. સારું છે કે, શાકભાજીની જમાતમાં ચૂંટણીની પ્રથા નથી, નહીં તો 'બટાકું' વડાપ્રધાનનો આજીવન ઉમેદવાર હોત..!રાજકારણમાં જે લોકો પક્ષાંતરનાં આટાપાટા રમે છે, એમણે 'બટાકા' પાસેથી ઘણું શીખવા જેવું છે મામૂ..! બટાકાને ગુરુ બનાવવા જેવો..!

લગનની રસોઈમાં બટાકો ના હોય જમણવાર નકામો. ઘરના પ્રસંગમાં જેમ ફુવાજીને પ્રથમ યાદ કરવામાં આવે એમ, બટાકો પહેલો યાદ કરવો પડે. 'કાઉડ ડાઈનિંગ' નો મુખ્ય મહેમાન એટલે બટાકો..! બટાકા વગરની વાનગી એટલે વરરાજા વગરની જાન..! જે પોતાની જાતને બીજાના 'ટેસડા' માટે પોતાનું શરીર વિલોપન કરીને સામે વાળાનો 'ટેસડો' જાળવે એનું નામ બટાકો..! ભાગ્યે જ કોઈનો દિવસ બટાકો ખાધા વગર ખાંડો થયો હોય..! બટાકો નિર્મોહી છે, નિરાભિમાની છે, સર્વગુણ સંપન્ન છે. ઘરમાં પણ અલગ ચોકો કરીને 'બટાકાસન' ઝમાવીને બેઠો હોય.

કોઈ પૃથ્વીસ્થ એવો ના હોય કે જેણે બટાકાને ઉલાળ્યો ના હોય..! એ બેડોળ છે, દુંદાળો છે, છતાં એના વગર ફરસાણ નહિ ઝામે, નાસ્તો નહિ ઝામે, ને વાનગી પણ નહિ ઝામે..! એને છોલો, બાફો, કાપો કે તળો 'પટેટા કો કોઈ ફરક નહિ પડતા..! બાકી ભીંડો હજી અળખામણો ખરો. ભીંડો ક્યારે ભીંડો કાઢે એ નક્કી નહિ..! જ્યારે બટાકા ઉપર આખું શાકમાર્કેટ આફરીન..! આ ભીંડો કેમ અળખામણો થયો એની ખબર છે..? એની પણ લવ-સ્ટોરી' છે. જે લોકો રૂપ રંગની છાંટ જોઈને તવાઈ જતા હોય, એમણે ખાસ જાણવા જેવું. આ વાતની માત્ર મને જ ખબર છે, ગુગલ પણ જાણતું નથી..! તોઓઓઓ..?

ભીંડી પતલી-લાંબી-હરિયાળી ને માથે હેટવાળી, એટલે એકવાર બટાકાને પણ ભીંડી સાથે love થઇ ગયેલો. લાગણીઓ જ્યારે બેફામ બને ત્યારે, બુદ્ધિ ઉપર ખંભાતી તાળું લાગી જાય, એવું બટાકાનું થયેલું. એકવાર ભર બજારમાં બટાકાએ, ભીંડી સામે હાથમાં ભાજીનો ઝૂડો લઈને પ્રપોઝ કરેલું કે, ડાર્લિંગ ભીંડી... I LOVE YOU...! પણ રૂપની અહંકારી ભીંડીએ ભાજીનો ઝૂડો ગાયને ખવડાવીને, બટાકાને ધુત્કારી કાઢેલો. 'યુ..નોનસેન્સ પપેટા..? મને પ્રપોઝ કરવાની તારી હિંમત કેમ ચાલી..? તું ફૂલેલા ફાળકા જેવો ને હું નમણી નાજુક નાર..! તું બટકો બરછટ ને મારી ઉંચી ખાંધ ? અરીસામાં જો. તારી એરબેગ જેવી તો ફાંદ..!' ત્યારથી ભીંડી સાથે બટાકાના સંબંધ વણસેલા..! હડધૂત થયેલો બટાકો નિરાશ તો થયો. પણ જતા જતા ભીંડીને કહેતો ગયેલો કે, 'તું નહિ તો ઔર સહી, ઔર નહિ તો ઔર સહી..! મેથીની ભાજી સાથે લફરું કરીશ, પણ તારી સાથે કોઈ શાકભાજીને સંબંધ રાખવા નહિ દઉં..!

ખુદા દેતા હૈ તો છપ્પર ફાડકે દેતા હૈ એમ, આજે બેડોળ બટાકો કોબીઝ સાથે ચાલે, પાલક સાથે ચાલે, સેવ ટામેટા સાથે ચાલે. કોઈપણ પ્રકારની ભાજી સાથે ચાલે, બટાકા પૂરી સાથે ચાલે, પાઉં ભાજી સાથે ચાલે, ગુવાર સાથે ચાલે, કારેલા સાથે ચાલે, ને સીમલા મરચા સાથે પણ ચાલે, પણ ભીંડી સાથે કોઈ નહિ ચાલે..! ભીંડો એકલો જ ચાલે..!

લાસ્ટ બોલ

બેટા..! તારા પરિણામ પત્રકમાં આટલા બધા મીંડા કેમ..? પપ્પા..! એ ગોળ મીંડા નથી, મારા ટીચરને બટાકા બહુ ભાવે ને, એટલે એમણે મારા પેપરમાં બટાકા દોર્યા છે.

તારા કપાળમાં કાંદા ફોડું...!

રમવું એ પણ જીવન ઘડતરની પ્રક્રિયા

આજથી બે દિવસ માટે આપણી કોલેજે દેશી રમતોત્સવનું આયોજન કર્યું છે અને જોગાનુજોગ આજે સ્વામી વિવેકાનંદનો જન્મદિન છે કે જે સમગ્ર ભારત દેશમાં રાષ્ટ્રીય યુવા દિન તરીકે ઉજવવામાં આવે છે ત્યારે તેને સુભગ સમન્વય કહી શકાય. આજથી સાત દિવસ માટે આપણી કોલેજ યુવા સપ્તાહની ઉજવણી કરી રહી છે અને તેના ભાગરૂપે કોલેજની લાયબ્રેરીમાં સ્વામી વિવેકાનંદજીના પ્રેરણાદાયક પુસ્તકોનું પ્રદર્શન પણ યોજાયું છે ત્યારે તેનો વધુમાં વધુ લાભ લેવા માટે હાર્દિક અપીલ કરું છું. યુવાનોને ઉદ્દેશીને સ્વામીજીએ કહ્યું હતું કે એવી ગર્જના કરો કે તમારો અવાજ દુનિયાના ખૂણે-ખૂણા સુધી પહોંચી જાય. આજ વાતને હું બીજી રીતે કહું તો આપણી કોલેજના કેમ્પસ પર તમારા પદચિહ્નો મૂકી જવા હોય તો લથડાતી ચાલે ચાલશો નહીં. મક્કમપણે આત્મવિશ્વાસથી ચાલવું પડશે.

એક સમય એવો હતો કે જયારે મા-બાપ પોતાના સંતાનને રમવાનું છોડીને વાંચવા બેસવા માટે દબાણ કરતા હતા. આજે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. ટી.વી., મોબાઈલમાં રચ્યાપચ્યા રહેતા સંતાનને મેદાન પર રમવા જવાનું પેરન્ટસ જણાવે છે. આજની પેઢીના બાળકો જાણે રમવાનું જ ભૂલી ગયા છે. વિડીયો ગેઈમના વળગણે આજની પેઢીને એવા વ્યસની બનાવી દીધા છે કે મેદાન પર જઈને રમવાનું ભૂલાતું જાય છે અને તેમાં પણ નિર્દોષ આનંદ આપનારી દેશી રમતો તો જાણે વિસરાઈ જ ગઈ છે અને તેથી જ આ વાતને નજર સમક્ષ રાખીને દેશી રમતોત્સવનું આપણી કોલેજે આયોજન કર્યું છે.વિદ્યાર્થી મિત્રો, અભ્યાસની સાથે સાથે તમારા અંગત રસ અને અભિરૂચી પ્રમાણે મનગમતી રમતો રમો એ પણ જીવન ઘડતરની એક પ્રક્રિયા જ છે. રમતગમતમાં હારજીતનો સામનો કરવો પડે છે. જીવનમાં પણ હારજીત થતી રહે છે. જીવનમાં ક્યારેક હારવાનું પણ શીખવું પડે છે. હાર પચાવતાં પણ આવડવું જોઈએ અને તેથી જ તમે મોટા થઈ ગયા છો અને હવે કોલેજિયન બની ગયા છો છતાં પણ મેદાન પર જઈને રમતો રમવાનું છોડશો નહીં. આડેધડ મોબાઈલ મચડી મચડીને ગપ્પાબાજીના મેસેજીસ ફોરવર્ડ કરતા રહેવાને બદલે તથા ઈન્ટરનેટ પર જ વિડીયો ગેઈમ રમવાને બદલે પ્રેક્ટીકલ મેદાની રમતો રમતા રહીને યુવાનીમાં ધિંગામસ્તી કરવા માટે પણ આપ સૌને અનુરોધ કરું છું. વિદ્યાર્થી મિત્રો આપણું જીવન પણ એક રમત જ છે. સંદિપ મહેશ્વરી જણાવે છે જીવન એ એક વિડીયો ગેઈમ જેવું છે. જયારે આપણે નવી ગેઈમ રમવાની શરૂઆત કરીએ છીએ ત્યારે વારંવાર આઉટ પણ થઈએ છીએ પરંતુ આપણે ગેઈમ રમવાનું છોડી દેતા નથી. જીવનમાં પણ દુઃખ આવે ત્યારે દુઃખી થઈને જીવન જીવવાનું છોડી શકાય નહીં. કમનસીબે આપણા દેશમાં શિક્ષણ પ્રણાલિમાં રમતગમતના વિકાસ તરફ જેટલું મહત્વ અપાવું જોઈએ તેટલું અપાતું નથી. જો આપણે ખરેખર વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ સાધવા માંગતા હોય તો અભ્યાસની સાથે સાથે વિદ્યાર્થીને રમતગમતના મેદાન પર પણ નિયમિત લઈ જવો જોઈએ. સશક્ત અને તંદુરસ્ત સમાજની રચના ચાર દિવાલની વચ્ચે મળતા શિક્ષણ કરતાં મેદાનની માટીમાં વધારે સારી રીતે થાય છે. આપણા ગુજરાત રાજયમાં સ્પોર્ટ્સ યુનિવર્સિટીની રચના થઈ છે એ પણ એક સારી વાત છે. આજના તણાવથી ભરપૂર જીવનમાં રમતગમત ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. તણાવથી મુક્ત થવામાં મેદાની રમતો ચોકકસ ઉપયોગી થાય છે. રમતગમત તન અને મન સંપૂર્ણ સ્વસ્થ રાખવામાં સહાયક બને છે. જો તમારું શરીર તંદુરસ્ત હશે તો જ તમારું મન સ્વસ્થતાપૂર્વક કોઈ પણ વાતને સારી રીતે ગ્રહણ કરી શકશે અને તેથી જ શારીરિક સ્વાસ્થ્ય માટે પણ થોડો સમય મેદાની રમતો રમવા માટે ફાળવવો જોઈએ. ચીનની શાળાઓમાં દરરોજ એક કલાક ફરજિયાત રમવાનું હોય છે. રમતગમતની પ્રવૃત્તિથી આપણને નવી ઊર્જા મળે છે. કેટલાક લોકો એવું માને છે કે રમવાથી શરીર થાકી જાય છે પરંતુ ખરેખર તો રમવાથી શરીરમાં સ્ફૂર્તિ આવે છે અને તેથી જ શાળાઓ અને કોલેજમાં રમતગમત માટેની તમામ સુવિધાઓ વિદ્યાર્થીઓને પૂરી પાડવી જોઈએ. અંતમાં આપણી કોલેજના લગભગ તમામે તમામ વિદ્યાર્થીઓ સત્તર દેશી રમતો પૈકી કોઈને કોઈ રમતમાં ભાગ લઈ રહયા છે તેનો મને ખૂબ જ આનંદ છે. રમતના આ બે દિવસના ઉત્સવને ભરપૂર રીતે માણવા માટે અને કોલેજના અભ્યાસ દરમ્યાનના આ ગોલ્ડન ડેઝને અવિસ્મરણીય બનાવવા અપીલ કરું છું.

અભિવ્યક્તિ



ડો. જે.એમ. નાયક (નવસારી)
પૂર્વ આચાર્ય,
શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ

અતુલ વિદ્યાલયમાં અભ્યાસ કરતા શાળાના વિદ્યાર્થીઓ સ્કૂલ બેન્ડ લઈને તમને રમત રમવા પ્રોત્સાહિત કરવા પધાર્યા છે તેઓને આવકારું છું. દક્ષિણ ગુજરાતની વિવિધ કોલેજોમાંથી આપણા આમંત્રણને માન આપીને પધારેલા શારીરિક શિક્ષણના અધ્યાપકો કે જેઓ રેફરી તરીકે બે દિવસ સેવા આપવાના છે તેમને પણ હું હૃદયપૂર્વક આવકારું છું.


દેવઉઠી અગિયારસે તુલસી વિવાહનું પાવન પર્વ

હિન્દુ ધર્મ અને સંસ્કૃતિમાં દેવઉઠી અગિયારસનું વિશેષ ધાર્મિક અને આધ્યાત્મિક મહત્ત્વ રહેલું છે. કારતક માસના સુદ પક્ષની અગિયારસને દેવઉઠી એકાદશી અથવા -બોધિની એકાદશી તરીકે ઓળખવામાં આવે છે. માન્યતા મુજબ અષાઢ સુદ અગિયારસના દિવસે ભગવાન વિષ્ણુ ક્ષીરસાગરમાં યોગનિદ્રામાં પોઢી જાય છે અને ચાર મહિના બાદ કારતક સુદ અગિયારસના દિવસે જાગૃત થાય છે. આ દિવસથી ચાતુર્માસની પૂર્ણાહુતિ થાય છે અને હિન્દુ ધર્મમાં ફરી એકવાર લગ્ન સહિતનાં માંગલિક કાર્યોનો પ્રારંભ થાય છે.

દેવઉઠી અગિયારસના દિવસે ભગવાન વિષ્ણુના સ્વરૂપ શાલિગ્રામ અને તુલસીજીના વિવાહ કરાવવાની પરંપરા સદીઓથી ચાલી આવે છે. તુલસી વિવાહને હિન્દુ ધર્મમાં અત્યંત પવિત્ર અને મંગલકારી માનવામાં આવે છે. ધાર્મિક કથા અનુસાર તુલસીજી પૂર્વજન્મમાં વૃંદા હતાં. તેમની પવિત્રતા અને ભક્તિથી પ્રસન્ન થઈ ભગવાન વિષ્ણુએ તેમને તુલસી સ્વરૂપે પૂજનીય બનવાનું વરદાન આપ્યું હતું. ત્યારથી ભગવાન શાલિગ્રામ અને તુલસીજીના વિવાહની પરંપરા પ્રચલિત બની હોવાનું માનવામાં આવે છે. આ પર્વ નિમિત્તે ઘરો, મંદિરો અને ધાર્મિક સ્થળોએ વિશેષ તૈયારીઓ કરવામાં આવે છે. તુલસીના ક્યારાને રંગોળી, ફૂલો, આસોપાલવ અને દીવડાઓથી શણગારવામાં આવે છે. તુલસીજીને લાલ ચુંદડી, ચાંદલો, બંગડીઓ અને વિવિધ શણગારથી સજાવવામાં આવે છે. ભગવાન શાલિગ્રામને વરરાજા તરીકે શણગારવામાં આવે છે. ત્યારબાદ મંત્રોચ્ચાર, પૂજન, મંગળફેરા અને લગ્નવિધિ સાથે તુલસી વિવાહ સંપન્ન કરવામાં આવે છે. ભક્તો આ પ્રસંગે ભજન-કીર્તન કરે છે અને પ્રસાદનું વિતરણ કરે છે. તુલસીના છોડને ભારતીય સંસ્કૃતિમાં માત્ર ધાર્મિક જ નહીં, પરંતુ ઔષધીય દૃષ્ટિએ પણ મહત્ત્વપૂર્ણ સ્થાન આપવામાં આવ્યું છે. આયુર્વેદમાં તુલસીને અનેક ગુણોથી સમૃદ્ધ ઔષધી માનવામાં આવે છે. ઘરના આંગણે તુલસીનો છોડ રાખવાની પરંપરા પ્રકૃતિ પ્રત્યેના આદર અને પર્યાવરણ સાથેના આપણા સંબંધને પણ દર્શાવે છે.

દેવઉઠી અગિયારસનો પર્વ આપણને ભક્તિ, શ્રદ્ધા, પવિત્રતા અને પ્રકૃતિના સન્માનનો સંદેશ આપે છે. તુલસી વિવાહ માત્ર ધાર્મિક વિધિ નથી, પરંતુ ભારતીય સંસ્કૃતિની પરંપરા, પારિવારિક એકતા અને આધ્યાત્મિક આસ્થાનું સુંદર પ્રતીક છે. આ પવિત્ર અવસરે સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આનંદનું આગમન થાય તેવી પ્રાર્થના સાથે દેવઉઠી અગિયારસ અને તુલસી વિવાહની હાર્દિક શુભકામનાઓ.

અકેલે હે તો ક્યા ગમ હૈ.....



સવારે ઘરનો દરવાજો બંધ કરીને આપણે બહાર નીકળીએ છીએ ત્યારે બહારની દુનિયાનો અવાજ તરત કાને નથી પડતો; પહેલાં તો પોતાનાં પગલાંનો લય સંભળાય છે. એક પગલું આગળ, બીજું પગલું આગળ અને ધીમે ધીમે સમજાય છે કે રસ્તાની લંબાઈ કરતાં ચાલવાની ગતિ વધુ મહત્ત્વની હોય છે. આપણે ઘણી વાર એવું માની લઈએ છીએ કે કોઈનો ખભો મળે તો થાક ઓછો લાગે, કોઈનો હાથ પકડાયેલો રહે તો ઠોકર વાગવાની બીક ન રહે. પણ એ ખભા અને એ હાથ ક્યાં સુધી સાથે રહેશે, એ કોઈ જ નથી જાણતું. જ્યાં સુધી ટેકો મળે છે ત્યાં સુધી પગમાં જોર ઓછું આવે છે અને આંખોમાં આત્મવિશ્વાસના બદલે અપેક્ષાઓ ભરાવા લાગે છે.

સહારો શરૂઆતમાં મીઠો લાગે છે, કારણ કે એમાં જવાબદારી વહેંચાયેલી દેખાય છે. કોઈ નિર્ણય લેવાનો હોય, કોઈ મુશ્કેલી આવે કે કોઈ નવો વળાંક દેખાય, ત્યારે તરત જ એક નજર બીજા તરફ ફરી જાય છે-'હવે શું કરવું?' આ એક સવાલ ધીમે ધીમે અંદરના અવાજને દબાવી દે છે. માણસ પોતાની અંદર રહેલી તાકાતને ચકાસવાનું જ બંધ કરી દે છે, કારણ કે એને લાગે છે કે જરૂર પડશે ત્યારે કોઈક સંભાળી લેશે. પરંતુ જે સ્નાયુ વપરાતા નથી એ ઢીલા પડી જાય છે; એમ જ જે નિર્ણયશક્તિ અને સહનશક્તિ બીજાના ભરોસે છોડી દેવાય છે, એ અંદરથી પોલા થવા લાગે છે.



નોખી-અનોખી

- કિંજલ પંડ્યા, પારડી

એકલા ચાલવાની એટલે કે આત્મવિશ્વાસ વધારી પોતાની નિર્ણયશક્તિ જાગૃત કરી નવી શરૂઆત કરવી ક્યારેય સહેલી નથી હોતી. શરૂઆતના દિવસોમાં સન્નાટો પણ ભારે લાગે છે અને દરેક નાની અડચણ મોટી દેખાય છે. પવન સામેથી આવે ત્યારે આંખોમાં ધૂળ ઊડે છે, રસ્તો ક્યારેક અજાણ્યો લાગે છે અને મનમાં અનેક વાર પાછા વળી જવાના વિચારો આવે છે. ત્યારે આત્મબળ જ કામ આવે છે. થોડા સમય પછી પાછળ વળીને જોતા જ સમજાય કે એકલા કેટલે દુર સુધી ચાલીને આવી ગયા.

આ ત્યારે જ શક્ય બને જ્યારે - જે ક્ષણે કોઈ હાથ છોડાવી જાય કે કોઈ દિશા બદલાઈ જાય, ત્યારે જ ખબર પડે છે કે પગમાં કેટલી તાકાત બાકી છે. ઠોકર વાગે છે, ઘસરકા પડે છે, અને એ જ ઘસરકા શીખવે છે કે ક્યાં પગ મૂકવો અને ક્યાં અટકવું. એ પીડામાં કડવાશ નથી હોતી, એક અજીબ સ્પષ્ટતા હોય છેકે આ સફર મારી છે, અને એની દરેક પળની કિંમત પણ મારી જ છે.

When people walk away from you let them go. your destiny is never tied to anyone who leves you and it doesn't mean they are bad people it just means that their part is your story is over. (- Unknown)

જ્યારે લોકો તમારાથી દૂર જઈ રહ્યાં હોય ત્યારે એમને જવા દો. જે તમને છોડીને જાય છે એમની સાથે તમારું ભાગ્ય ક્યારેય જોડાયેલું હતું જ નહીં. એનો અર્થ એવો પણ નથી કે એ વ્યક્તિ કે એ લોકો ખરાબ છે પણ તમારાં જીવનની વાર્તામાં એમનો જે ભાગ હતો એ પૂર્ણ થઈ રહ્યો છે. એમ માનવું અને એમને આપણામાંથી મુક્ત કરવા, જવા દેવા. તેઓ આપણને વધુ મજબૂત બનાવવા માટે આપણા જીવનમાં આવ્યા હોય અને પછી અચાનક આ રીતે જતા રહ્યા હોય એવું બને! જ્યારે કોઈ ટેકો નથી રહેતો, ત્યારે દરેક નિર્ણયનો ભાર સીધો ખભા પર આવે છે, પણ એ ભાર માણસને વાંકો નથી વાળતો, સીધો ઊભો રાખે છે. ભૂલ થાય તો એનું કારણ બીજા કોઈના માથે નાખવાનું બહાનું નથી મળતું; સીધું અરીસામાં જોવું પડે છે અને સુધારો કરવો પડે છે. આ પ્રક્રિયામાં અહંકાર નથી આવતો, એક શાંત દૃઢતા આવે છે.

ખબર પડે છે કે પડી જવાથી દુનિયા ખતમ નથી થઈ જતી, અને ફરી ઊભા થવા માટે કોઈની પરવાનગીની જરૂર નથી પડતી. સફરનો અર્થ માત્ર કોઈ મંઝિલ પર પહોંચી જવું એ નથી; રસ્તામાં આવતી દરેક ઋતુને પોતાના પગ પર ઊભા રહીને ઝીલવી એ પણ છે. કોઈ સાથ મળે તો આવકાર્ય, ન મળે તો પણ કદમ થંભતા નથી.

કારણ કે જ્યારે એકલા ચાલવાની ટેવ બની જાય છે, ત્યારે રસ્તા ગમે તેટલા વળાંક લે, અંદરની દિશા ક્યારેય ખોવાતી નથી. પોતાનાં પગલાં પર ભરોસો જામે છે, ત્યારે સવાર વધુ ઉઘડે છે અને દરેક નવો રસ્તો પોતાનો જ લાગે છે.

હંમેશા એક વાત યાદ રાખવા જેવી છે કે, એકલા રહેવામાં જે મઝા છે એ બીજે ક્યાંય નથી!

સ્થિતિ વખાણ કરનાર જુએ છે, પરિસ્થિતિ ચિંતા કરનાર!



પ્રેમ આપનારી અને સંસ્કારોનું સિંચન કરનારી આ પાવન માતૃભૂમિને મારા સાદર નમસ્કાર.

આપણા સૌના સ્વભાવમાં એક નબળાઈ છે કે આપણને વખાણ સાંભળવા ખૂબ ગમે છે. કોઈ આપણા કાર્યની પ્રશંસા કરે, આપણા વ્યક્તિત્વનાં ગુણગાન ગાય તો મન પ્રસન્ન થઈ જાય છે. પરંતુ આજના સમયમાં મોઢા પર કંઈક અને પીઠ પાછળ કંઈક અલગ જ બોલવાની માનસિકતા પણ એટલી જ વ્યાપક બની ગઈ છે.

હકીકતમાં, આજના સમાજમાં વ્યક્તિના ગુણો કરતાં તેની સ્થિતિને આધારે વખાણ થતાં હોય છે. તમારી આર્થિક, સામાજિક કે વ્યવસાયિક સ્થિતિ કેવી છે, તેના આધારે લોકોની ટિપ્પણીઓ અને પ્રશંસા નક્કી થતી હોય છે. સાચું બોલનારા લોકો બહુ ઓછા હોય છે અને ઘણીવાર તેઓ જ આપણને નઠારા લાગતા હોય છે.

કેટલાક લોકોને પોતાના મોઢે પોતાના વખાણ કરવાની ટેવ હોય છે, તો કેટલાકને બીજાના મોઢે પોતાના વખાણ સાંભળવાની આદત હોય છે. ક્યારેક તો બીજાની નજરમાં પોતાની છબી સારી દેખાય તે માટે વ્યક્તિ પોતાના ઘર-પરિવારની શાંતિ અને સુખનો પણ ભોગ આપી દેતી હોય છે.

પરંતુ એક વાત સમજવા જેવી છે કે પ્રોત્સાહન આપવું અને ચણાના ઝાડ પર ચડાવવું એ બંનેમાં ઘણો મોટો તફાવત છે.

તમારા નિષ્ઠાપૂર્વકના કાર્યની, પ્રમાણિકતાની અને મૂલ્યોની સાચા હૃદયથી પ્રશંસા કરવામાં આવે ત્યારે તે તમારા આત્મવિશ્વાસ અને આત્મબળમાં વધારો કરે છે.

આવાં વખાણ વ્યક્તિને વધુ સારું કાર્ય કરવાની પ્રેરણા આપે છે. પરંતુ પોતાની છબી સારી બનાવવા કે કોઈ સ્વાર્થ સાધવા માટે કરવામાં આવતાં વખાણનું આયુષ્ય બહુ ટૂંકું હોય છે.

પ્રીતનું ઝરણું

જ્યોતિ ઉત્પલ પંડ્યા, અતુલ

કેટલાક લોકો તમારી જરૂરિયાત હોય ત્યાં સુધી તમારા વખાણ કરતા રહે છે, પરંતુ પરિસ્થિતિ બદલાતાં તેમની ભાષા પણ બદલાઈ જાય છે. મોઢે સાકર જેવી મીઠાશ રાખનારા આવા લોકો સમય આવતાં જ દૂર થઈ જાય છે.

બીજી તરફ, કેટલીક વ્યક્તિઓ એવી હોય છે જે તમારી ભૂલો તરફ વારંવાર ધ્યાન દોરે છે. તમને કદાચ એવું લાગતું હોય કે તેઓ હંમેશાં તમારી ખામીઓ જ શોધે છે, પરંતુ ઘણીવાર તેમની ટકોર પાછળ તમારી ચિંતા છુપાયેલી હોય છે. તેઓ ઇચ્છે છે કે તમે તમારા કાર્યમાં વધુ નિપુણ બનો, તમારી ભૂલોમાંથી શીખો અને જીવનમાં વધુ આગળ વધો.

કારણ કે જેને તમારી સાચી ચિંતા હોય છે તેની ચિંતા તમારી સ્થિતિ કે પરિસ્થિતિ પ્રમાણે બદલાતી નથી.

આજના સમયમાં કહેવાવાળા ઘણા છે, પણ સાચા અર્થમાં ચિંતા કરવાવાળા બહુ ઓછા છે. વખાણ કરનાર તમારી સફળતાને જુએ છે, જ્યારે ચિંતા કરનાર તમારી નિષ્ફળતામાં પણ તમારી સાથે ઊભો રહે છે.

આખી દુનિયામાં જો કોઈના વખાણ અને ચિંતા પરિસ્થિતિ પ્રમાણે બદલાતાં ન હોય તો તે છે માતા-પિતા. સંતાન ગમે તેવી સ્થિતિમાં હોય, સફળ હોય કે સંઘર્ષ કરી રહ્યું હોય, માતા-પિતાની ચિંતા ક્યારેય ઓછી થતી નથી. તેમનાં વખાણમાં સ્વાર્થ નથી હોતો અને તેમની ટકોરમાં પણ સંતાનના ઉજ્જવળ ભવિષ્યની લાગણી છુપાયેલી હોય છે.

જે સંતાનો માતા-પિતાના અનુભવ અને તેમના હિતકારી નિર્ણયોને વિશ્વાસપૂર્વક સ્વીકારે છે, તેઓ જીવનમાં અનેક મુશ્કેલીઓ વચ્ચે પણ સાચો માર્ગ શોધી શકે છે.

આપણા રામાયણમાં પણ આ વાતનું સુંદર ઉદાહરણ જોવા મળે છે. વાલીના અંતિમ સમયનો પ્રસંગ યાદ કરીએ. જ્યારે વાલીએ પોતાના પુત્ર અંગદને પોતાના પ્રાણ લેનાર શ્રીરામની સેવા અને શરણમાં રહેવાની સલાહ આપી, ત્યારે અંગદે પિતાની આજ્ઞાનો સ્વીકાર કર્યો. અંગદ સમજતા હતા કે પિતાનો નિર્ણય તેમના અહંકારમાંથી નહીં, પરંતુ તેમના પુત્રના હિત અને ભવિષ્યની ચિંતામાંથી આવ્યો હતો.

આ પ્રસંગ આપણને શીખવે છે કે સાચી ચિંતા ઘણીવાર કડવા શબ્દોમાં વ્યક્ત થાય છે, પરંતુ તેની પાછળ સંતાનનું કલ્યાણ છુપાયેલું હોય છે.

અંતે એટલું જ કહેવું છે કે જીવનમાં દરેક વખાણને સાચા માની લેવાની જરૂર નથી અને દરેક ટકોરને અપમાન સમજવાની પણ જરૂર નથી. વખાણ કરનારની મીઠાશ કરતાં ચિંતા કરનારની લાગણીને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ.

કારણ કે સ્થિતિ બદલાય ત્યારે વખાણ કરનાર બદલાઈ જાય છે, પરંતુ સાચી ચિંતા કરનાર વ્યક્તિ પરિસ્થિતિ બદલાય તો પણ સાથ છોડતી નથી. યાદ રાખજો...

વખાણ કરનાર તમારી સ્થિતિ જોઈને શબ્દો પસંદ કરે છે, જ્યારે ચિંતા કરનાર તમારી પરિસ્થિતિ સમજીને તમને સાચો માર્ગ બતાવે છે.

માની લેવું એના કરતાં, પૂછી લેવું બહેતર છે

માની લેવું એના કરતાં, પૂછી લેવું બહેતર છે.
મૂંઝવણનું જો મૂળ મળે તો ખોળી લેવું બહેતર છે.
સંબંધોના તાણા વાણા, નબળા થઈને તૂટે તો,
સંવાદિતા સાધી એને, સાંધી લેવું બહેતર છે.
ખટકે તેવી ઘટનાઓને, ધીમેથી કંડારી લઈ,
કડવાહટ છોડીને મીઠું બોલી લેવું બહેતર છે.
હોબાળો કરવાથી હૈયું હળવું ક્યાંથી થાશે ભૈ?
સાક્ષી ભાવે પળપળને સંભાળી લેવું બહેતર છે.
પાર વગરની સૂકી લીલી આવી ગઈ છે આંખો પર,
ટાણે ટાણે મસ્તી માણી, જીવી લેવું બહેતર છે.

- નૈષધ મકવાણા



કવિતા કે ગઝલ માત્ર શબ્દોનું કલાત્મક સંયોજન નથી, પરંતુ જીવનના અનુભવો, સંવેદનાઓ અને સમજણનું એવું પ્રતિબિંબ છે, જેમાં વાચકને પોતાની જિંદગીના અનેક પ્રસંગો અને સંબંધોની ઝાંખી જોવા મળે છે. નૈષધ મકવાણાની આ ગઝલ પણ જીવન જીવવાની એક અનોખી દૃષ્ટિ આપે છે. તેમાં માનવીના સ્વભાવ, સંબંધોની નાજુકતા, સંવાદનું મહત્ત્વ, મનની મૂંઝવણ, કડવાશ અને સમય સાથે બદલાતા જીવનના રંગોને ખૂબ જ સરળ અને સહજ ભાષામાં વ્યક્ત કરવામાં આવ્યા છે. ગઝલકાર જાણે જીવનના અનુભવોની પાઠશાળામાંથી પ્રાપ્ત થયેલી સમજણને શેરના માધ્યમથી વાચક સુધી પહોંચાડે છે.

આખી ગઝલનો કેન્દ્રિય વિચાર એક જ છે કે જીવનમાં દરેક પરિસ્થિતિનો સામનો સમજણ, ધીરજ, સંવાદિતા અને હકારાત્મક અભિગમથી કરવો જોઈએ. ઉતાવળમાં નિર્ણય લેવા કરતાં સમજવાનો પ્રયત્ન કરવો, સંબંધો તૂટે તે પહેલાં તેને સાચવવા અને કડવાશ વધે તે પહેલાં મીઠાશનું સિંચન કરવું એ જ આ ગઝલનો જીવનમંત્ર છે.

ગઝલનો પ્રથમ શેર માનવીના સ્વભાવની એક મહત્ત્વપૂર્ણ નબળાઈ તરફ ધ્યાન દોરે છે.

માની લેવું એના કરતાં, પૂછી લેવું બહેતર છે. મૂંઝવણનું જો મૂળ મળે તો ખોળી લેવું બહેતર છે.

આ શેરમાં ગઝલકારે માનવીય સંબંધોમાં ઊભી થતી ગેરસમજણનું મૂળ પકડ્યું છે. ઘણી વખત આપણે કોઈની વાતનો અર્થ પોતાની રીતે કરી લઈએ છીએ. કોઈના વર્તન પાછળનું કારણ જાણ્યા વગર ધારણા બાંધી લઈએ છીએ. પરિણામે મનમાં શંકા, અવિશ્વાસ અને અંતર ઊભું થાય છે. જ્યારે માત્ર એક પ્રશ્ન પૂછી લેવાથી અનેક ગેરસમજણો દૂર થઈ શકે છે. કોઈ વાત મનમાં રાખીને માની લેવાને બદલે સામેની વ્યક્તિને પૂછીને હકીકત જાણી લેવી એ સમજદારી છે. અહીં મૂંઝવણનું મૂળ શોધવાની વાત ખૂબ જ અર્થસભર છે. સમસ્યાનો ઉકેલ તેની ઉપરછલ્લી અસર દૂર કરવામાં નહીં, પરંતુ તેના મૂળ સુધી પહોંચવામાં રહેલો છે. ગઝલકાર આપણને અનુમાનના અંધકારમાંથી બહાર આવી સંવાદના પ્રકાશ તરફ જવાનું સૂચવે છે.

બીજા શેરમાં સંબંધોની જાળવણી માટે સંવાદિતાનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું છે.

સંબંધોના તાણા વાણા, નબળા થઈને તૂટે તો, સંવાદિતા સાધી એને, સાંધી લેવું બહેતર છે.

સંબંધો કાચના વાસણ જેવા નાજુક હોય છે. તેને બનાવવામાં વર્ષો લાગી જાય છે, પરંતુ તૂટવામાં એક ક્ષણ પણ પૂરતી બની શકે છે. સંબંધોનું પોત તાણાપ્રવાણાથી બનેલા કાપડ જેવું છે. તેમાં પ્રેમ, વિશ્વાસ, લાગણી, સમર્પણ અને સમજણના તાંતણા વણાયેલા હોય છે. જ્યારે અહંકાર, ગેરસમજણ અને મૌન આ તાંતણાઓને નબળા બનાવે છે ત્યારે સંબંધોમાં તિરાડ પડવા લાગે છે. ગઝલકાર અહીં સંબંધોને તૂટવા દેવાની જગ્યાએ સંવાદિતાથી સાંધી લેવાની વાત કરે છે. આ શેરમાં તાણા વાણા અને સાંધી લેવું જેવા શબ્દ-યોગો દ્વારા સંબંધોની નાજુકતા અને તેને સાચવવાની કળા સુંદર રીતે વ્યક્ત થઈ છે. ખરેખર, સંબંધોમાં કોણ સાચું અને કોણ ખોટું તે સાબિત કરવા કરતાં સંબંધ સાચવવો વધારે મહત્ત્વનો હોય છે.

ત્રીજા શેરમાં કડવાશ સામે મીઠાશની હૂંફનો સંદેશ આપવામાં આવ્યો છે. ખટકે તેવી ઘટનાઓને, ધીમેથી કંડારી લઈ, કડવાહટ છોડીને મીઠું બોલી લેવું બહેતર છે.

જીવનમાં કેટલીક ઘટનાઓ એવી બને છે જે મનને સતત ખટકતી રહે છે. કોઈના શબ્દો, કોઈનું વર્તન કે કોઈનો વ્યવહાર હૃદયને ઘાયલ કરી જાય છે. આવી ઘટનાઓને કારણે મનમાં કડવાશ જન્મે છે. પરંતુ ગઝલકાર કહે છે કે આવી ઘટનાઓને ઉતાવળમાં પ્રતિક્રિયા આપવાને બદલે શાંતિથી સમજવી જોઈએ. ધીમેથી કંડારી લઈ શબ્દપ્રયોગમાં અનુભવને સમજવાની અને તેમાંથી શીખવાની ભાવના છુપાયેલી છે. દરેક કડવો અનુભવ આપણને કંઈક શીખવી જાય છે. જીવનમાં મીઠાશ જાળવવી હોય તો કડવાશને મનમાં ઘર કરવા દેવી નહીં. મીઠું બોલવું એ માત્ર શબ્દોની મીઠાશ નથી, પરંતુ મનની ઉદારતા અને વ્યક્તિત્વની પરિપક્વતા છે. કડવા શબ્દો સંબંધોને વધુ ઘાયલ કરે છે, જ્યારે પ્રેમભર્યા શબ્દો તૂટતા સંબંધોમાં પણ નવી આશા જગાવી શકે છે.

સંવેદન

- ડો. બાબુ ચૌધરી, નાનાપોંઢા

ચોથા શેરમાં ગઝલકાર માનવીના આંતરિક ભાવવિશ્વને સ્પર્શે છે.

હોબાળો કરવાથી હૈયું હળવું ક્યાંથી થાશે ભૈ? સાક્ષી ભાવે પળપળને સંભાળી લેવું બહેતર છે.

આ શેરમાં હોબાળો અને સાક્ષી ભાવ વચ્ચેનો વિરોધાભાસ વિશેષ નોંધપાત્ર છે. જીવનમાં દુઃખ, મુશ્કેલી, નિષ્ફળતા કે અણગમતી પરિસ્થિતિ આવે ત્યારે માણસ ઘણી વખત બેચેન થઈ જાય છે. પોતાની વ્યથા વ્યક્ત કરવા માટે હોબાળો કરે છે, ફરિયાદો કરે છે અને ક્યારેક પોતાની લાગણીઓના આવેશમાં ખોટા નિર્ણયો પણ લઈ બેસે છે. પરંતુ માત્ર હોબાળો કરવાથી મનનું ભારણ હળવું થતું નથી. ગઝલકાર અહીં સાક્ષીભાવની વાત કરે છે. એટલે કે જીવનમાં બનતી ઘટનાઓને થોડી નિરપેક્ષતા સાથે જોવી, સમજવી અને સ્વીકારવી. દરેક ક્ષણને ધીરજપૂર્વક સંભાળવી એ જીવન જીવવાની પરિપક્વ રીત છે. ભૈ શબ્દનો પ્રયોગ શેરમાં લોકબોલીની આત્મીયતા ઉમેરે છે. જાણે કોઈ અનુભવી વ્યક્તિ પોતાના જીવનના અનુભવોમાંથી આપણને સમજાવી રહી હોય. આ શેરમાં તત્ત્વજ્ઞાન પણ છે અને જીવનની વ્યવહારુ સમજણ પણ.

અંતિમ શેરમાં ગઝલકાર જીવન પ્રત્યેનો એક સુંદર હકારાત્મક અભિગમ રજૂ કરે છે.

પાર વગરની સૂકી લીલી આવી ગઈ છે આંખો પર, ટાણે ટાણે મસ્તી માણી, જીવી લેવું બહેતર છે.

આ શેરમાં કવિએ આંખો પર છવાઈ આવેલી સૂકી લીલીનું પ્રતીકાત્મક ચિત્રણ કર્યું છે. જીવનમાં ઉંમર વધે તેમ જવાબદારીઓ, અનુભવો, ચિંતાઓ અને સંઘર્ષોનો ભાર વધતો જાય છે. ક્યારેક આંખોમાં સપનાંઓની જગ્યાએ થાક અને ઉદાસીનતા છવાઈ જાય છે. પાર વગરની સૂકી લીલી શબ્દપ્રયોગ દ્વારા જીવનની એક એવી સ્થિતિનું ચિત્રણ થાય છે, જ્યાં મનની તાજગી જાણે ક્યાંક ખોવાઈ ગઈ હોય. પરંતુ ગઝલકાર અહીં નિરાશામાં અટકી જતા નથી. તેઓ કહે છે કે જીવન ગમે તેટલું ગંભીર બની જાય, છતાં સમયાંતરે મસ્તીની પળો માણીને જીવવું જોઈએ. જીવન માત્ર જવાબદારીઓ નિભાવવાનું નામ નથી. તેમાં હાસ્ય, આનંદ, મિત્રતા, પ્રકૃતિ, પ્રેમ અને પોતાની મનગમતી ક્ષણો માટે પણ સ્થાન હોવું જોઈએ.

આવતીકાલની ચિંતામાં આજની ખુશીઓને ગુમાવી દેવી એ જીવન સાથે અન્યાય કરવા જેવું છે. આ શેર ગઝલને એક સુંદર જીવનદર્શન સાથે પૂર્ણ કરે છે. આ ગઝલની સૌથી મોટી વિશેષતા તેની સરળતા અને સહજ અભિવ્યક્તિ છે. ગઝલકારે કોઈ અઘરા શબ્દો કે જટિલ પ્રતીકોનો આશરો લીધા વિના રોજિંદા જીવનના અનુભવોને કાવ્યાત્મક ઊંચાઈ આપી છે. પૂછી લેવું, ખોળી લેવું, સાંધી લેવું, મીઠું બોલી લેવું, સંભાળી લેવું અને જીવી લેવું જેવા ક્રિયાપદો ગઝલને એક વિશિષ્ટ લય અને પ્રવાહિતા આપે છે.

દરેક શેરમાં બહેતર છે એવો પુનરાવર્તિત પ્રયોગ ગઝલને એક સૂત્રાત્મક અભિવ્યક્તિ આપે છે. જાણે ગઝલકાર દરેક શેરના અંતે જીવન માટે એક નવો માર્ગ સૂચવે છે. અહીં ઉપદેશાત્મકતા હોવા છતાં ભાષામાં ભારેખમપણું નથી. સરળ શબ્દોમાં ઊંડી વાત કહેવાની કળા આ ગઝલને લોકભોગ્ય બનાવે છે.

આ ગઝલમાં વ્યક્તિગત જીવનથી લઈને સામાજિક જીવન સુધીના અનેક પ્રશ્નોનો સમાવેશ થાય છે. આજે જ્યારે સંબંધોમાં સંવાદ ઘટી રહ્યો છે, અહંકાર વધી રહ્યો છે અને નાની નાની વાતોમાં મનદુઃખ ઊભાં થઈ રહ્યાં છે, ત્યારે આ ગઝલના વિચારો વિશેષ પ્રસ્તુત બને છે. પરિવાર હોય કે મિત્રતા, સમાજ હોય કે કાર્યક્ષેત્ર, દરેક જગ્યાએ સમજણ અને સંવાદિતાની જરૂરિયાત છે.

નૈષધ મકવાણાની આ ગઝલ માત્ર વાંચવા પૂરતી નથી, પરંતુ જીવનમાં ઉતારવા જેવી રચના છે. તેમાં જીવનની સમસ્યાઓથી ભાગી જવાનો માર્ગ નથી બતાવ્યો, પરંતુ તેને સમજદારીપૂર્વક ઉકેલવાની દિશા સૂચવી છે. ગેરસમજણ હોય તો પૂછી લેવું, સંબંધોમાં તિરાડ હોય તો સાંધી લેવું, કડવાશ હોય તો મીઠાશથી દૂર કરવી, મનમાં ઉથલપાથલ હોય તો સાક્ષીભાવથી સંભાળવું અને જીવનમાં થાક હોય તો આનંદની પળો માણવી – આ પાંચેય વિચારો ગઝલના પાંચ જીવનસૂત્ર બની રહે છે.

આખરે કહી શકાય કે આ ગઝલ માનવીને વધુ સારો માણસ બનવાની પ્રેરણા આપે છે. સંબંધો સાચવવાની, લાગણીઓને સમજવાની અને જીવનની દરેક ક્ષણને હકારાત્મક રીતે માણવાની શીખ આપે છે.

ખરેખર, જીવનને સુંદર બનાવવા માટે હંમેશાં મોટી સફળતાઓની જરૂર નથી હોતી; ક્યારેક માત્ર એક પ્રશ્ન, એક મીઠો શબ્દ, એક સંવાદ અને એક નિખાલસ સ્મિત પણ પૂરતું હોય છે.કારણ કે જીવનમાં શું કરવું તેના કરતાં ઘણી વાર શું ન કરવું બહેતર છે તે સમજાઈ જાય, તો જિંદગી જીવવાની કળા આપોઆપ આવડી જાય છે.

કડવા શબ્દોનું ઝેર ચડે છે દોસ્તો!

શબ્દ સ્વાદે કડવો પણ હોય અને મીઠો પણ હોય છે. કડવા શબ્દનું માણસને ઝેર ચડે છે... એવું ધર્મના પુસ્તકોમાં કહેવાયું છે. સાવ મીઠી વાણી બોલનારા પણ પ્રપંચી હોઈ શકે છે. આજે તો આવા લોકોની બહુમતી હોય એવું જણાય છે.

માણસને ઈશ્વર નથી સમજી શક્યો તો, માણસને માણસ કઈ રીતે સમજી શકે?! ઈશ્વરે માણસને બનાવ્યો હવે માણસ ઈશ્વરને બનાવે છે ;અને માણસ માણસને પણ બનાવે છે. ન્યાત પ્રજાત ભાષાવાદ,પ્રાંતવાદ, ઊંચ- નીચમાં હું અંગત સ્વાર્થ પણ નજરે ચડે છે. માણસે સાચા માનવ બનીને જીવવાની જરૂર છે. જીવન પરપોટા જેવું અલ્પ ક્ષણોનું હોવા છતાં માણસ ખોટા હવાટિયા અમારી કીર્તિ માટે ફાંફાં મારતો જણાય છે! માણસમાં હોય એનાથી વધુ દેખાડો કરવાની આવડત આજે દરેક ક્ષેત્રામાં જણાય છે... ખેદજનક બાબત કહી શકાય. આજે તો સાધુ અને બાપુઓ પણ લંપટ પ્રકારના જોયા છે. આશ્રમો

શબ્દથી શબ્દ સુધી

રમેશ પટેલ, સુરત

અને મંદિરો સેક્સના કારખાના બની ગયા હોય એવું જ લાગે છે!

આજે સાહિત્યમાં પણ ગાજરની પીપૂડી વગાડનારો વિરાટ પડઘો ઉત્પન્ન કરવાના ખોટાં પ્રયત્ન કરતો જણાયો છે!

જો માણસ પોતાનું કાર્ય નિષ્ઠાથી કરતો રહે તો સર્વત્ર સુખ અને શાંતિ પ્રવર્તે એમા કોઈ શંકાને સ્થાન નથી. આજે ધનવાન અને ગરીબ વચ્ચેની ખાઈ ઊંડી અને ઊંડી ઉતરતી જાય છે એ પણ ચિંતાજનક બાબત કહી શકાય! માનવીય સંબંધના દ્રાવણમાં એક ટીપું કડવો શબ્દ પડવાથી આખું દ્રાવણ ઝેરી બની જતું હોય છે. કોબ્રા -નાગનું ઝેર તો સમજી શકાય પણ; કડવા શબ્દોનો ઝેર માણસને ચડે તો સંબંધમાં તિરાડ પડતી હોય છે. એ તિરાડને સ્નેહ અને માનવીય પ્રેમની ફેવિસ્ટીક વડે જ જોડી શકાય છે.

જો માનવી ન સુધરશે તો આખી માનવજાત ભવિષ્યમાં ખટમ થઈ જશે!

લોકશાહી ખતરામાં છે કે સત્તાધીશો?

સત્તા પાસે બહુમતી હોય છે, પરંતુ લોકશાહી પાસે સવાલ કરવાની તાકાત હોય છે.

ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી છે. અહીં ચૂંટણી થાય છે, સરકારો બદલાય છે, સંસદ ચાલે છે અને નાગરિકોને પોતાના વિચારો વ્યક્ત કરવાનો અધિકાર છે. છતાં આજે એક સવાલ સતત ચર્ચામાં છે—લોકશાહી ખરેખર ખતરામાં છે કે સત્તાધીશોને સવાલો ખતરનાક લાગવા લાગ્યા છે?

૧. સવાલ પૂછવો ગુનો તો નથી ને?

લોકશાહીની પહેલી શરત છે—સવાલ કરવાની સ્વતંત્રતા. સરકારની નીતિ, નિર્ણય કે કામગીરી સામે પ્રશ્ન ઊભો થાય તો તેનો જવાબ તર્કથી મળવો જોઈએ, ટેગથી નહીં.

જ્યાં સવાલોને દેશદ્રોહી કહેવાય, ત્યાં જવાબદારીનું રાજ ધીમે ધીમે ખતમ થાય.

૨. અસહમતિ એટલે વિરોધ નહીં

દરેક નાગરિક સરકાર સાથે સહમત હોય એ જરૂરી નથી. અસહમતિ લોકશાહીની ખામી નહીં, પરંતુ તેની જીવંતતાની નિશાની છે.

લોકશાહીનું સૌંદર્ય એક અવાજમાં નથી, અનેક અવાજોને સ્થાન આપવામાં છે.

૩. મીડિયા સત્તાનો અરીસો કે સત્તાનો માઇક?

મીડિયાની જવાબદારી સરકારની વાહવાહી કરવી કે માત્ર વિરોધ કરવો નથી. તેનું કામ છે સવાલ પૂછવો, સત્ય શોધવું અને જનતાની વાત સત્તા સુધી પહોંચાડવી.

જે અરીસો ચહેરા પરની કરચલી બતાવવાથી ડરે, તે અરીસો નહીં, માત્ર શણગાર છે.

૪. સંસ્થાઓ મજબૂત તો લોકશાહી મજબૂત

સંસદ, ન્યાયતંત્ર, ચૂંટણી વ્યવસ્થા અને અન્ય લોકશાહી

સતરંગી શમણાં

-નીતા પી. જાદવ, રાજકોટ

સંસ્થાઓ વ્યક્તિ કે પક્ષ કરતાં મોટી છે. તેમની સ્વતંત્રતા પર લોકોનો વિશ્વાસ જ લોકશાહીની સાચી તાકાત છે.

વ્યક્તિ આવે છે અને જાય છે, સંસ્થાઓ રહે છે; એટલે લોકશાહી વ્યક્તિથી નહીં, સંસ્થાઓથી મજબૂત બને છે.

૫. બહુમતી એટલે અમર્યાદિત સત્તા નહીં

ચૂંટણીમાં મળેલી બહુમતી સરકારને શાસન કરવાનો અધિકાર આપે છે, પરંતુ જનતાના સવાલોથી મુક્તિ આપતી નથી.

મતદાનના દિવસે મળેલી બહુમતી પાંચ વર્ષ માટે સત્તા આપે છે, જનતાને ચૂપ કરાવવાનો લાઇસન્સ નહીં.

૬. ભયનું વાતાવરણ સૌથી મોટો ખતરો

લોકશાહી ત્યારે નબળી પડે છે જ્યારે સામાન્ય માણસ પોતાની વાત કહેતાં પહેલાં પરિણામથી ડરવા લાગે.

કાયદો બોલવાની છૂટ આપે અને વાતાવરણ બોલતાં ડરાવે—તો ખતરો કાયદામાં નહીં, લોકશાહીના વાતાવરણમાં છે.

અંતે સવાલ કોને?

આ સવાલ કોઈ એક સરકાર કે પક્ષ પૂરતો સીમિત નથી. આજે સત્તામાં જે છે તે કાલે વિપક્ષમાં હોઈ શકે છે અને આજે વિપક્ષમાં જે છે તે કાલે સત્તામાં આવી શકે છે. તેથી લોકશાહીના નિયમો વ્યક્તિ અને પક્ષ પ્રમાણે નહીં, સિદ્ધાંતો પ્રમાણે હોવા જોઈએ.

સત્તા બદલાય છે, પરંતુ લોકશાહીના સિદ્ધાંતો બદલાવા ન જોઈએ. અંતે સવાલ એ નથી કે લોકશાહી ખતરામાં છે કે નહીં?

સવાલ તો એ છે—

શું આપણી લોકશાહી એટલી મજબૂત છે કે સત્તાધીશો પણ સવાલોથી ડરે નહીં?

કારણ કે મજબૂત સરકારને સવાલોથી ડરવાની જરૂર નથી અને મજબૂત લોકશાહીને સવાલોથી ક્યારેય ખતરો નથી.

ખતરો ત્યારે છે, જ્યારે સવાલ પૂછનાર જ ચૂપ થઈ જાય.

અન્ય સમાચારો

Saturday 21, November 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

વાપીની આર્કિયોલોજિસ્ટ વૈભવી તલેકરની નોંધપાત્ર કામગીરી

જૂનાગઢના પેલેસમાં ૧૨૧ વર્ષ જૂના પેઇન્ટીંગને ફરી નવપલ્લવિત કર્યા





(મુકુંદ સોની દ્વારા)

વાપી, તા. ૨૦ : જૂનાગઢના દરિયાકિનારે આવેલા ઐતિહાસિક પેલેસમાં રાજા-રજવાડાના સમયથી સંરક્ષિત રહેલા અંદાજે ૧૨૧ વર્ષ જૂના ઓઇલ પેઇન્ટિંગ્સને ફરી નવપલ્લવિત કરવાનો અનોખો -યાસ સફળતાપૂર્વક પૂર્ણ થયો છે. આ કામગીરી વાપીના મૂળ નિવાસી વૈભવી તલેકર અને વડોદરાના જયની મિસ્ત્રીએ કરી છે.

જૂનાગઢના દરિયા કિનારે આવેલો આ પેલેસ વર્ષ ૧૯૦૪માં બનાવવામાં આવ્યો હોવાનું કહેવાય છે. દરિયાકાંઠાના વાતાવરણના કારણે પેલેસમાં રહેલા પેઇન્ટિંગ્સને સૌથી વધુ નુકસાન થયું હતું. ખારાશભરી હવા, ભેજ તથા અવગણનાના કારણે કેનવાસ ફાટી ગયા હતા, રંગની પરતો ઊખડી રહી હતી, અનેક જગ્યાએ તિરાડો પડી ગઈ હતી. કેટલાક ચિત્રો એટલી હદે ખરાબ હાલતમાં હતા કે તેમની મૂળ છબી ઓળખવી પણ મુશ્કેલ બની ગઈ હતી.

આવી સ્થિતિમાં સવાણી હેરિટેજ ગ્રુપ દ્વારા આ ઐતિહાસિક કલાસંપદાના સંરક્ષણની જવાબદારી બંને મિત્રોએ વડોદરામાં શરૂ કરેલી 'રિધમ કન્ઝર્વેશન' લેબને સોંપવામાં આવી હતી. લગભગ આઠ જેટલા ઓઇલ પેઇન્ટિંગ્સ પર નવથી દસ મહિના સુધી સતત મહેનત કરીને બંને કન્ઝર્વેટર્સે તેને ફરીથી મૂળ સ્વરૂપની નજીક લાવ્યા છે. જેમાંથી પાંચ પેઇન્ટિંગ્સ અત્યંત જર્જરિત હાલતમાં હતા.

પેઇન્ટિંગ્સ પરની ધૂળ, મેલ, ક્ષાર અને જૂની નુકસાનકારક પરતો દૂર કરવાની પ્રક્રિયા અત્યંત સાવધાનીથી હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ ફાટેલા કેનવાસને મજબૂત બનાવવામાં આવ્યા, છૂટા પડેલા રંગને સ્થિર કરવામાં આવ્યો અને મૂળ ચિત્રની ઐતિહાસિકતા જળવાઈ રહે તે રીતે ટ્રીટમેન્ટ આપવામાં આવી હતી. કન્ઝર્વેશન દરમિયાન ચિત્રોને નવા જેવાં બનાવવાના બદલે તેમની મૂળ ઓળખ અને પ્રામાણિકતા જળવાય તેની વિશેષ કાળજી રાખવામાં આવી હતી.

વૈભવી તલેકર મૂળ વાપીના રહેવાસી છે. તેમણે બેચલર્સ ઓફ આર્કિયોલોજી સાથે મ્યુઝિયોલોજીમાં માસ્ટર્સ ડિગ્રી મેળવી છે. ઉપરાંત, તેમણે લખનૌ સ્થિત નેશનલ રિસર્ચ લેબોરેટરી ફોર કન્ઝર્વેશનમાં કન્ઝર્વેશનની તાલીમ પણ લીધી છે. ઓર્ગેનિક સામગ્રી, કાગળ, પામ લીફ અને -ચીન દસ્તાવેજોના સંરક્ષણમાં તેમની વિશેષ કુશળતા છે.

વૈભવી તલેકરે જણાવ્યું કે, કન્ઝર્વેશનનું કામ ધીરજ, શાંતિ અને ઝીણવટ માંગે છે. હાલ વડોદરામાં કાર્યરત રિધમ કન્ઝર્વેશન લેબ દ્વારા આ પ્રકારની કામગીરી કરવામાં આવી રહી છે, જ્યારે નજીકના સમયમાં વાપીમાં પણ આવી જ લેબ શરૂ કરવાની તૈયારી ચાલી રહી છે.

ઓવાડા અને ઠક્કડવાડામાંથી ત્રીજો દીપડો પાંજરે પુરાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૦ : વલસાડ તાલુકાના ઓવાડા અને ઠક્કડવાડા ગામની સીમ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી દીપડાની લટારથી ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો હતો. જોકે, વન વિભાગની સતર્કતા અને સતત કામગીરીના પગલે એક જ અઠવાડિયામાં ત્રીજો દીપડો પાંજરે પુરાતા સ્થાનિક લોકોએ મોટી રાહત અનુભવી છે.

વલસાડ તાલુકા ના ઓવાડા અને ઠક્કડવાડા ગામની સીમમાં દીપડાની અવરજવર વધી જતાં ખેડૂતો અને સ્થાનિક રહીશોમાં ભય ફેલાયો હતો. ગ્રામજનોની રજૂઆતને પગલે વન વિભાગ દ્વારા આ વિસ્તારમાં મારણ સાથે પાંજરા ગોઠવવામાં આવ્યા હતા. વન વિભાગની આ કવાયત સફળ રહી હતી અને ગત રાત્રિ દરમિયાન વધુ એક દીપડો પાંજરામાં કેદ થયો હતો.

ઉલ્લેખનીય છે કે, આ વિસ્તારમાંથી છેલ્લા સાત દિવસમાં આ ત્રીજો દીપડો ઝડપાયો છે. અગાઉ પણ બે દીપડા પાંજરે પુરાયા હતા, અને હવે ત્રીજો દીપડો પકડાતા ખેતરોમાં કામ કરવા જતા મજૂરો અને ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો છે.

ઘટનાની જાણ થતા જ વન વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને પાંજરે પુરાયેલા દીપડાનો કબજો મેળવી તેને સુરક્ષિત રીતે જંગલ વિસ્તારમાં છોડવાની તજવીજ હાથ ધરી છે. જોકે, હજુ પણ આસપાસના વિસ્તારમાં અન્ય કોઈ દીપડો ન હોય તેની ખાતરી કરવા વન વિભાગ દ્વારા તપાસ ચાલુ રાખવામાં આવી છે.

વાપીમાં ભાજપની પદયાત્રાને અનાવિલ સમાજ દ્વારા સમર્થન





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૦ : વલસાડ જિલ્લા ભાજપ અને કેબિનેટમંત્રી કનુભાઈ દેસાઈની આગેવાનીમાં ગઈકાલે વાપી ખાતે 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો'ના સૂત્ર સાથે વિશાળ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પદયાત્રાને શહેરમાં ઠેરઠેર વિવિધ સમાજના અગ્રણીઓ અને નાગરિકો દ્વારા આવકાર આપવામાં આવ્યો હતો.

પદયાત્રાનો પ્રારંભ શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા ચોકથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ અંબે માતા મંદિર સર્કલ, જ્ઞાનધામ સ્કૂલ, ઉમિયા ચોક અને રેમન સર્કલ થઈ વંદે માતરમ ચોકથી પસાર થઈ ફરી શ્યામજી કૃષ્ણ વર્મા સર્કલ ખાતે પૂર્ણ થઈ હતી.

આ દરમિયાન વાપી અનાવિલ સમાજના અગ્રણીઓએ પદયાત્રાનું સ્વાગત કર્યું હતું.

જેમાં પરેશભાઈ દેસાઈ હર્ષદભાઈ દેસાઈ, દર્પણ દેસાઈ, જીતેન્દ્ર દેસાઈ, ગીરીશભાઈ દેસાઈ ડોક્ટર સુકેતુ દેસાઈ, કેતન જોશી, સુમિત દેસાઈ, અમિત દેસાઈ દેવલબેન દેસાઈ, પારુલબેન દેસાઈ, ચાર્મી દેસાઈ, નેહલ નાયક સહિત વાપી અને પારડી વિસ્તારના અનાવિલ સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને આ લોકતંત્ર બચાવો રાજકતા હટાવો અંગેની પદ યાત્રા નું સ્વાગત કરી તેને સમર્થન આપવામાં આવ્યું હતું.

રવિવારે વાપીમાં ભાજપનું દિવાળી સ્નેહમિલન યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૦ : વલસાડ જિલ્લા ભાજપ સંગઠન દ્વારા આગામી તા. ૨૨ નવેમ્બર, રવિવારના રોજ સાંજે ૪ કલાકે દિવાળી સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વલસાડ જિલ્લાની તમામ વિધાનસભા બેઠકોના ભાજપના કાર્યકર્તાઓને એક મંચ પર એકત્રિત કરવાના હેતુથી યોજાનારા આ કાર્યક્રમ અંતર્ગત પારડી વિધાનસભા બેઠકનું આયોજન વાપી જીઆઈડીસી વિસ્તારમાં આવેલા વીઆઈએ ગ્રાઉન્ડ ખાતે યોજાશે આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ પંચાલ તેમજ રાજ્યના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી વર્ચ્યુઅલ માધ્યમથી ઉપસ્થિત રહી કાર્યકર્તાઓને માર્ગદર્શન આપશે અને સંબોધન કરશે. સાથે રાજ્યના નાણા અને શહેરી વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી તેમજ સ્થાનિક ધારાસભ્ય કનુભાઈ દેસાઈ ખાસ ઉપસ્થિત રહેશે દિવાળી સ્નેહમિલન કાર્યક્રમમાં ભાજપના ચૂંટાયેલા જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, મહાનગરપાલિકા, નગરપાલિકા અને ગ્રામ પંચાયતના સભ્યો ઉપરાંત પક્ષના વિવિધ હોદ્દેદારો, સક્રિય સભ્યો અને કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

વાપીમાં જવેલર્સ પર હુમલા પ્રકરણનું વિશેષ પાસું

વિદેશની ધરતી પરથી વાપીમાં ખંડણી માટે હુમલો કરાવવાનો પ્રથમ કેસ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૦ : વિદેશની જેલમાં બેસીને ગુજરાતમાં ખંડણી માટે હુમલો કરાવવાની ઘટના હવે માત્ર ફિલ્મી સ્ટોરી રહી નથી. વાપીના જ્વેલર્સ પર થયેલો જીવલેણ હુમલો આ પ્રકારનો પહેલો દસ્તાવેજ કેસ બની ગયો છે, જેમાં દુબઈની જેલમાં બેઠેલા ગેંગસ્ટરે ખંડણી ન મળતા હુમલાનો ઓર્ડર આપ્યો હોવાનું બહાર આવ્યું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, દુબઈની જેલમાં મર્ડર કેસમાં બંધ હરજિન્દરસિંહ ઉર્ફે હેરી ઢીલ્લોને વાપીના સોની વેપારી પાસે રૂ. ૫ કરોડની ખંડણી માંગી હતી. ખંડણી ન મળતા તેણે જુગરાજને સોપારી આપી હતી. દરેક હુમલાખોરને રૂ. ૫૦,૦૦૦ આપવાનું નક્કી થયું હતું. ત્યારબાદ તા. ૧૭ નવેમ્બરના રોજ મહાત્મા ગાંધી માર્કેટમાં જ્વેલર્સના નાના ભાઈ પર છરી વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો.

આ પહેલા ગુજરાતમાં વિદેશથી ધમકીના કોલ આવવાના અનેક કેસો સામે આવ્યા છે. અમદાવાદમાં ગોલ્ડી બરાડ ગેંગના ઓપરેટિવ આરિફ ઉર્ફે 'પિસ્તોલ'ની ધરપકડ થઈ હતી, જેમાં દુબઈથી સૂચનાઓ આવતી હોવાનો દાવો કરાયો હતો. એ જ રીતે અમદાવાદના એક ટેક્સટાઈલ વેપારીને પણ દુબઈથી ધમકી મળી હતી. પરંતુ આ બંને કેસમાં માત્ર ધમકી અને પ્લાનિંગ હતું, ગુજરાતની ધરતી પર ખરેખર હુમલો થયો ન હતો.

બીજી તરફ લોરેન્સ બિશ્નોઈ ગેંગના નામે ખંડણીના કોલનો કેસ પણ ચર્ચામાં છે, પરંતુ તે સાબરમતી જેલનો કેસ છે, વિદેશની જેલનો નહીં.

એટલે જો વિદેશની જેલમાંથી ઓર્ડર અને ગુજરાતમાં હુમલો એ વાપીનો કેસ અત્યારે એકમાત્ર અને પહેલો પુરાવો બને છે. આ ઘટનાએ ગુજરાત પોલીસ સામે નવો પડકાર ઊભો કર્યો છે કે, વિદેશની જેલમાં બેઠેલા ગુનેગારોની ગુજરાત સુધી પહોંચતી નેટવર્કને કેવી રીતે તોડવી. બાકી ગુજરાત પોલીસનો અત્યાર સુધીમાં રેકર્ડ છે કે ખંડણી કેસમાં કોઈ બચ્યા નથી. આવા કેસ પોલીસે સખ્ત હાથે ડામી દીધા છે.આ કેસમાં પણ ગણતરીના કલાકોમાં હુમલાખોરોને ઝડપી પાડવામાં સફળ રહી છે.

દુબઈની જેલમાંથી આ રીતે અન્ય દેશમાં ઘટનાને અંજામ અપાય છે

દુબઈની જેલમાં પૈસાદાર અને વગદાર આરોપીઓને ત્યાંની પોલીસ દ્વારા જેલમાં મોબાઈલથી લઈ દરેક સુવિધા પૂરી પાડવામાં આવે છે પરંતુ શરત એ હોય છે કે આરોપીઓ એ દુબઈમાં કોઈ કાંકરીચાળો કરવાનો ન હોય અન્ય દેશમાં કરવાની એક પ્રકારે છૂટ આપી હોય છે. જેને લઈને જ આ ઘટના બની છે.જુગરાજ અને તેના આ ઘટનામાં સામેલ અન્ય એક સાથી બંને દુબઈમાં ટેક્સી ચલાવવાનું કામ કરતાં હતાં.કોઈ કેસમાં જેલમાં જતાં જુગરાજ અને તેના સાથીનો ભેટો હેરી ઢીલો સાથે થયો હતો. સમય જતાં જુગરાજ અને તેના સાથીને દુબઈ સરકારે ભારતમાં ડિપોર્ટ કર્યા હતાં. ભારત આવ્યા બાદ જુગરાજ દુબઈની જેલમાં બંધ હેરી સાથે સંપર્કમાં હતો. જે બાદ વાપીના જ્વેલર્સ પાસે પકરોડની ખંડણી માંગણી અને ન આપતાં હુમલાની ઘટનાને અંજામ આપ્યો હતો.

વલસાડ-ધરમપુર પર ટ્રક અડફેટે બાઈકચાલકનું કરુણ મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા.૨૦ : વલસાડ-ધરમપુર માર્ગ પર વલંડી પુલ નજીક સ્મશાન પાસે ગઈકાલે સાંજે ટાટા ટ્રાન્સિટ મિક્સર ટ્રક રિવર્સ વાળતી વખતે બાઈકચાલક ને પરફેક્ટ માં લેતા ઘટનાસ્થળે ગંભીર ઈજાઓ બાદ સારવાર દરમિયાન મોત નિપજયું છે. અકસ્માત કરનાર ટ્રકચાલક ફરાર થઈ જતા વલસાડ રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાય છે

ધરમપુર તાલુકાના પીરુમાળ ગામના ઉપલુ ફળિયામાં રહેતા લાશીયાભાઈ મોકાશી ગઈકાલે ગુરુવારે સવારે બાઈક લઈને વલસાડ કામ અર્થે આવ્યા હતા. સાંજે કામકાજ પૂર્ણ કરી તેઓ બાઈક પર પરત ઘરે જઈ રહ્યા હતા ત્યારે વલંડી પુલ પાસે સ્મશાન નજીક ટાટા કંપનીના ટ્રાન્સિટ મિક્સર ટ્રકના ચાલકે રિવર્સમાં વાહન રોડ તરફ વાળતા બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ ગમખ્વાર અકસ્માતમાં લાશીયાભાઈને માથા તથા પગમાં ગંભીર ઈજાઓ થઈ હતી. તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વલસાડ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા

જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. બીજી તરફ, મૃતક લાશીયાભાઈના નાના ભાઈ સીતારામભાઈ મોકાશી પણ તે જ સમયે વલસાડથી ધરમપુર તરફ જતી બસમાં સવાર થઈને ઘરે જઈ રહ્યા હતા. બસ વલંડી પુલ પાસેથી પસાર થઈ રહી હતી ત્યારે તેમણે રસ્તા પર ટ્રકની આગળ પોતાના ભાઈની બાઈક પડેલી જોતા ભાઇ એ દ્રશ્ય જોતા તાત્કાલિક બસ ને થોભાવી નીચે ઉતર્યા હતા અને તપાસ કરતાં અકસ્માતની જાણ થઈ હતી. બાદમાં સિવિલ હોસ્પિટલ પહોંચ્યા ત્યારે ભાઈનું મોત થયાનું જાણવા મળ્યું હતું. આ બનાવ અંગે સીતારામભાઈ મોકાશીએ વલસાડ રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ફરાર ટ્રકચાલકને પકડવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ડુંગરીના નવનિર્મિત ગ્રા.પં. ભવનનું ઉદ્ઘાટન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૦ : પારડી તાલુકાના ડુંગરી ગામમાં ગુજરાત સરકારની ગ્રાન્ટમાંથી નવનિર્મિત પંચાયત સચિવાલયના મકાનનું શુક્રવાર, તા. ૨૦ નવેમ્બરના રોજ ગુજરાત રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે રિબીન કાપીને લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ડુંગરી ગામના સરપંચ રવિન્દ્રભાઈ પટેલ, સંગઠનના મહામંત્રી મુકેશભાઈ પટેલ, તાલુકા પ્રમુખ કેતન પટેલ સહિત સંગઠનના હોદ્દેદારો, આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સલ્યુટ તિરંગા એન જી ઓ ના રાષ્ટ્રીય મહામંત્રી ઉત્તમભાઈ પટેલ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમનુ નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા ખાસ સન્માન કરવામાં આવ્યું હતું સાથે આ પ્રસંગે મંત્રી કનુભાઈ દેસાઈનું ઉપસ્થિત આગેવાનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. નવા પંચાયત સચિવાલયના નિર્માણથી ગ્રામજનોને પંચાયતને લગતી કામગીરી માટે સુવિધાયુક્ત માળખું ઉપલબ્ધ થશે.

તિથલમાં ગૌરક્ષકોએ નંદી મહારાજને ઉગાર્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા.૨૦ : વલસાડના પ્રસિદ્ધ પર્યટન સ્થળ તિથલ સ્થિત સાઈબાબા મંદિર નજીક ગળામાં દોરી ફસાઈ જવાને કારણે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા નંદી મહારાજને સ્થાનિક ગૌરક્ષકોની ટીમે ભારે જહેમત બાદ સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરી સારવાર પૂરી પાડી છે. સમયસર સારવાર મળતા અબોલ જીવનો જીવ બચી ગયો છે.

વલસાડ ના તિથલ સાઈબાબા મંદિર વિસ્તારમાં ફરતા એક નંદી મહારાજના ગળામાં કોઈ કારણસર મજબૂત દોરી વીંટળાઈ ગઈ હતી. સમય જતાં આ દોરી ગળાના ભાગે ઊંડે સુધી ખૂંપી જતાં નંદી મહારાજને અસહ્ય પીડા થઈ રહી હતી અને ગળામાં ઊંડો ઘા પડી ગયો હતો. સ્થાનિક રાહદારીઓ અને જીવદયા પ્રેમીઓના ધ્યાને આ બાબત આવતા તેમણે તાત્કાલિક વલસાડની ગૌરક્ષક ટીમને જાણ થતા જ ગૌરક્ષકોની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી.

નંદી મહારાજ પીડામાં હોવાથી અને ભડકેલા હોવાથી તેમને કાબૂમાં લેવા થોડા મુશ્કેલ હતા, પરંતુ ગૌરક્ષકોએ સૂઝબૂઝ અને સાવચેતીપૂર્વક દોરડાની મદદથી તેમને સુરક્ષિત રીતે કાબૂમાં લીધા હતા. ત્યારબાદ ગળામાં ફસાયેલી દોરીને સાવધાનીપૂર્વક કાપીને દૂર કરવામાં આવી હતી. ઘા પર દવા લગાવી પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી, જેથી ચેપ ન ફેલાય.સફળ રેસ્ક્યુ બાદ ગૌરક્ષકોએ સમાજને એક મહત્વનો સંદેશ આપતા જણાવ્યું હતું કે, આપણે મંદિરોમાં જઈને નંદી મહારાજની શ્રદ્ધાપૂર્વક પૂજા કરીએ છીએ, પરંતુ જ્યારે આ જ નંદી મહારાજ રસ્તા પર પીડાતા હોય ત્યારે તેમની સંભાળ લેવાની અને તેમના જીવ બચાવવાની જવાબદારી પણ આપણી જ છે.

આ સાથે જ ગૌરક્ષકોએ લોકોને અપીલ કરી છે કે રસ્તા પર કે ખુલ્લામાં પ્લાસ્ટિક, દોરી કે અન્ય જોખમી કચરો ન ફેંકવો, જેથી કોઈ અબોલ પશુ તેનો ભોગ ન બને. સ્થાનિક લોકોએ ગૌરક્ષકોની આ માનવતાવાદી કામગીરીની પ્રશંસા કરી હતી.

કેસલી બુલેટ ટ્રેનના સ્ટેશન પાસેથી રૂા. ૧૪ લાખના કોપર કેબલની ચોરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા,તા.૨૦ : બીલીમોરા નજીક કેસલીગામે બુલેટ ટ્રેન સ્ટેશનના નિર્માણકાર્ય દરમિયાન ઉપયોગમાં લેવાતા કોપર કેબલની મોટા પાયે ચોરી થયાની ઘટના સામે આવી છે. અજાણ્યા તસ્કરોએ અલગ અલગ જગ્યાએ રાખેલા ૧૧ ડ્રમમાંથી રૂ.૧૪ લાખનાં આશરે ૫ હજાર મીટર કોપર કેબલની ચોરી કરી હતી. નવસારી વિજલપોરની ધીરુદાજી ની વાડી વિસ્તારમાં રહેતા અને છેલ્લા પાંચ વર્ષથી Larsen & Toubro (L&T) કંપનીમાં IR એડમિન તરીકે નોકરી કરતા મહેશભાઈ જગદીશભાઈ પટેલ (ઉ.૨૩)એ આ અંગે બીલીમોરા પોલીસ માં ફરિયાદ નોંધાવી છે. ગત તા.૧૬ નવેમ્બરના રોજ સવારે તેઓ સાઈટ પર પહોંચ્યા ત્યારે કંપનીના સિક્યુરિટી ફિલ્ડ ઓફિસર સાગરભાઈએ જાણ કરી હતી કે રાત્રિના ૧ થી ૨ વાગ્યાના અરસામાં અજાણ્યો ઈસમ કોપર કેબલની ચોરી કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. આ અંગે તપાસ કરતાં સિક્યુરિટી ગાર્ડ અભિષેક કુમાર અને એન્જિનિયર શંકરકુમાર યાદવ સાથે સ્થળ તપાસ કરવામાં આવી હતી. દરમિયાન સ્ટેશનની પાછળ આવેલી ચીકુની વાડીમાં અલગ અલગ જગ્યાએ કુલ ૧૧ ખાલી ડ્રમ મળી આવ્યા હતા. તપાસમાં આશરે ૫ હજાર મીટર કોપર કેબલની ચોરી થઈ હોવાનું જણાયું હતું. તા.૭ ઓક્ટોબર થી ૧૬ નવેમ્બર દરમિયાન અલગ અલગ સમયે આ ચોરી થઈ હોવાનું સામે આવ્યું હતું. આથી કંપનીના અધિકારીઓને જાણ કરી મહેશભાઈએ અજાણ્યા તસ્કરો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા બીલીમોરા પોલીસ મા ફરિયાદ નોંધાવી છે.

વાપીના વોર્ડ નં. ૧૧ના ભાજપા સમર્થકો પણ રેલીમાં જોડાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૦ : વાપી મહાનગરપાલિકાના વોર્ડ ૧૧માંથી ચૂંટાયેલ મહિલા કાઉન્સિલર જેતલબેન પટેલ અને તેમના પતિ, નગરપાલિકાના માજી કાઉન્સિલર મંગેશ પટેલ વોર્ડના સેંકડો કાર્યકરો સાથે ગઈકાલે નીકળેલી લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો રેલીમાં જોડાયા હતા.

રેલી દરમિયાન વોર્ડ ૧૧ના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

જેતલબેન પટેલ અને મંગેશ પટેલની આગેવાનીમાં કાર્યકરો હાથમાં ભાજપના ધ્વજ અને બેનરો સાથે રેલીમાં જોડાયા હતા અને સૂત્રોચ્ચાર કર્યા હતા.

રેલીમાં મોટી સંખ્યામાં મહિલાઓ, યુવાનો અને વડીલ કાર્યકરો જોડાયા હતા.

વાપીને વધુ મનપામાં ચોખ્ખું બનાવવા બાબતે સમીક્ષા બેઠક યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૦ : વાપી શહેરની સ્વચ્છતા અને સફાઈ કામગીરી વધુ સુવ્યવસ્થિત અને અસરકારક બને તે હેતુથી આજે વાપી મહાનગરપાલિકા ખાતે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્થાયી સમિતિના અધ્યક્ષ સતીશભાઈ પટેલ તથા નાયબ મ્યુનિસિપલ કમિશનર વિશાલ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં શહેરના વિવિધ વોર્ડમાં ચાલી રહેલી સફાઈ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓ પાસેથી તેમના સંબંધિત વોર્ડમાં સફાઈની સ્થિતિ અને કામગીરી અંગે વિગતવાર માહિતી મેળવવામાં આવી હતી. સાથે જ શહેરને વધુ સ્વચ્છ, સુંદર અને સ્વસ્થ બનાવવા માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપવામાં આવ્યાં હતાં.સફાઈ કામગીરી માત્ર સરકારી ફરજ ન બની રહે, પરંતુ તેને જનભાગીદારીના અભિયાન તરીકે વિકસાવવામાં આવે તેવો અભિગમ અપનાવવા ભાર મૂકાયો હતો. દરેક વોર્ડમાં નિયમિત, સુવ્યવસ્થિત અને ગુણવત્તાસભર સફાઈ થાય તેમજ સ્વચ્છતા જળવાઈ રહે તે માટે અધિકારીઓ અને કર્મચારીઓને ખાસ સૂચનાઓ આપવામાં આવી હતી.



દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા
માટે વેબસાઈટની
મુલાકાત લો
www.damangangatimes.com

સેલવાસમાં ત્રીજો વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સેલવાસ, તા. ૨૦ : દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના ઉદ્યોગ વિભાગ દ્વારા 'MSME RAMP' (MSME કામગીરીમાં સુધારો અને વેગ - Raising and Accelerating MSME Performance) કાર્યક્રમ હેઠળ, સેલવાસના કલા કેન્દ્ર ખાતે ત્રીજા વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ (VDP) નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં બે મુખ્ય એન્કર (મુખ્ય) ઉદ્યોગો—હિન્દુસ્તાન યુનિલીવર લિમિટેડ અને નીલકમલ લિમિટેડ—તેમજ આ ક્ષેત્રના ૫૦થી વધુ પ્લગ્ય એકમોએ ભાગ લીધો હતો. જેમાં દાદરા અને નગર હવેલી તથા દમણના ઉપથી વધુ MSME એકમો અને ગુજરાત તથા મહારાષ્ટ્રના ૧૫થી વધુ MSME એકમોનો સમાવેશ થાય છે.

MSME પ્રતિનિધિઓ અને બે મુખ્ય ઉદ્યોગોની ખરીદ (procurement) ટીમો વચ્ચે ૬૦થી વધુ ૨૨૦ (વ્યાપાર-થી-વ્યાપાર) બેઠકો યોજાઈ હતી.

આ બેઠકો દ્વારા વેન્ડર તરીકે નોંધણી કરાવવાની શક્યતાઓ તપાસવા, ખરીદીની જરૂરિયાતો સમજવા અને સંભવિત વ્યાપારિક સંબંધો સ્થાપિત કરવાની તકો મળી હતી.

ધમડાચીમાં બની રહેલા ૩.૯૪ કરોડના મોડેલ ફાયર સ્ટેશનમાં મોટો છબરડો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૦ : વલસાડ નગરપાલિકા દ્વારા વલસાડ ના ધમડાચી ગામે બનાવવામાં આવી રહેલા જિલ્લા કક્ષાના મોડેલ ફાયર સ્ટેશનના -ોજેક્ટમાં વહીવટી તંત્ર અને ઈજનેરોની ગંભીર બેદરકારી તેમજ નિયમોના ઉલ્લંઘનનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જિલ્લા કલેક્ટર દ્વારા જે સર્વે નંબરની જમીન ફાયર સ્ટેશન માટે ફાળવવામાં આવી હતી, તેને બદલે સ્ટાફ ક્વાર્ટર્સ માટે ફાળવેલી જમીન પર બાંધકામ કરી દેવામાં આવ્યું હોવાના ગંભીર આક્ષેપો સાથે જાહેર હિતની અરજી કરવામાં આવી છે. આ ઉપરાંત, નગરપાલિકાની કાયદા કમિટીના ચેરમેને પણ આ સમગ્ર મામલે જવાબદારો સામે કડક કાર્યવાહી કરવા રજૂઆત કરી છે.

વલસાડ જિલ્લા કલેક્ટરના હુકમ મુજબ, વલસાડ ના ધમડાચી ખાતે સર્વે નં. ૩૪૯ (જૂનો સ.નં. ૩૫૨/પૈકી ૨) ની ૦-૮૭-૨૦ ચો.મી. જમીન વાણિજ્ય હેતુ એટલે કે મોડેલ ફાયર સ્ટેશન બનાવવા માટે ફાળવવામાં આવી હતી. જ્યારે સર્વે નં. ૩૫૨ (જૂનો સ.નં. ૩૫૦) ની ૧-૦૬-૨૩ ચો.મી. જમીન સ્ટાફ ક્વાર્ટર્સ એટલે કે રહેણાંક હેતુ માટે ફાળવવામાં આવી હતી. કલેક્ટરના હુકમની શરત મુજબ, જમીનનો ઉપયોગ જે હેતુ માટે ફાળવવામાં આવી હોય તે જ હેતુ માટે કરવાનો રહે છે અને પૂર્વ મંજૂરી સિવાય હેતુફેર કરી શકાતો નથી.

પરંતુ, ચીફ ઓફિસરને કરવામાં આવેલી જાહેર હિતની અરજીમાં જણાવાયું છે કે, નગરપાલિકા દ્વારા વાણિજ્ય હેતુની સ.નં. ૩૪૯ વાળી જમીન ખુલ્લી રાખીને, રહેણાંક હેતુની સ.નં. ૩૫૨ વાળી જમીનમાં ફાયર સ્ટેશનનું બાંધકામ શરૂ કરી દેવાયું છે અને તેનું ૮૦ ટકા જેટલું કામ પૂર્ણ પણ થઈ ગયું છે. આ કામ માટે સુરતની એજન્સી શ્રી ભરતભાઈ એન. હિરપરાને ટેન્ડર આપી અત્યાર સુધીમાં ૩,૯૪,૯૭,૯૯૮ જેવી માતબર રકમ ચૂકવી પણ દેવામાં આવી છે. આ મામલે વલસાડ નગરપાલિકાની કાયદા કમિટીના ચેરમેન નિતેશ એમ. વશીએ પણ ગંભીર નોંધ લઈ લેખિત રજૂઆત કરી છે. તેમણે જણાવ્યું છે કે, મોડેલ ફાયર સ્ટેશનના ઈન્ચાર્જ ઈજનેર અને થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન (TPI) કરનાર કન્સલ્ટન્ટ/એજન્સી દ્વારા નગરપાલિકા વહીવટી તંત્ર, કલેક્ટર અને સરકારને ગેરમાર્ગે દોરી ટેન્ડર કરવામાં આવ્યું છે. તેમણે માંગ કરી છે કે?બાંધકામ કરનાર એજન્સી ભરતભાઈ એન. હિરપરાને કોઈપણ જાતનું વધુ ચૂકવણું કરવામાં ન આવે, પ્રોજેક્ટના ઈજનેર અને TPI સામે તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.

યોગી આદિત્યનાથનાં માતાનું નિધન થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)

પૌડી ગઢવાલ, તા.૨૦ : ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનાં માતા સાવિત્રી દેવીનું ૯૧ વર્ષની વયે નિધન થયું છે. તેમણે ઉત્તરાખંડના પૌડી ગઢવાલ જિલ્લાના પોતાના પૈતૃક ગામ પંચુર સ્થિત નિવાસસ્થાને અંતિમ શ્વાસ લીધા હતા. તેઓ લાંબા સમયથી બીમાર હતાં અને તેમની સારવાર ચાલી રહી હતી. તેમના નિધનના સમાચારથી પરિવારજનો અને વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ છે.

પ્રાપ્ત અહેવાલો અનુસાર, સાવિત્રી દેવીની તબિયત વધુ લથડતાં તેમના નિવાસસ્થાને તબીબોને બોલાવવામાં આવ્યા હતા. જોકે, તબીબી પ્રયાસો છતાં તેમને બચાવી શકાયાં નહોતાં. પૌડીના વરિષ્ઠ પોલીસ અધિક્ષક સર્વેશ કુમાર અને જિલ્લા માહિતી અધિકારી યોગેશ પોખરિયાલે પણ તેમના નિધનને સમર્થન આપ્યું હોવાનું અહેવાલોમાં જણાવાયું છે.

યોગી આદિત્યનાથને માતાના નિધનના સમાચાર મળ્યા ત્યારે તેઓ ગોરખપુરમાં એક કાર્યક્રમમાં હાજર હતા. આ કાર્યક્રમમાં આશરે ૫૦ હજાર વિદ્યાર્થીઓને ટેબલેટ વિતરણ કરવામાં આવી રહ્યાં હતાં. માતાના નિધનના સમાચાર મળતાં શોકની લાગણી વ્યાપી હતી. મીડિયા અહેવાલો અનુસાર, યોગી આદિત્યનાથ માતાના અંતિમ દર્શન માટે ઉત્તરાખંડના પંચુર ગામે જઈ શકે છે. સાવિત્રી દેવીના નિધન પર ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ શોક વ્યક્ત કર્યો હતો. તેમણે શોકસંતપ્ત પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી અને દિવંગત આત્માને શ્રદ્ધાંજલિ અર્પી હતી. ઉલ્લેખનીય છે કે યોગી આદિત્યનાથના પિતા આનંદ સિંહ બિષ્ટનું ૨૦ એપ્રિલ, ૨૦૨૦ના રોજ ૮૯ વર્ષની વયે નિધન થયું હતું. દિલ્હીની AIIMS હોસ્પિટલમાં મલ્ટિપલ ઓર્ગન ફેલ્યોરને કારણે તેમનું અવસાન થયું હતું. તે સમયે કોરોના મહામારી અને લોકડાઉનના પ્રતિબંધોને કારણે યોગી આદિત્યનાથ પિતાના અંતિમ સંસ્કારમાં હાજર રહી શક્યા નહોતા. સાવિત્રી દેવી છેલ્લા ઘણા સમયથી પંચુર ગામમાં રહેતાં હતાં. યોગી આદિત્યનાથ અગાઉ પણ અનેક વખત માતાને મળવા પોતાના પૈતૃક ગામે ગયા હતા. તેમના અંતિમ સંસ્કાર અંગેની સત્તાવાર વિગતોની રાહ જોવાઈ રહી છે.

ગુજરાત પોલીસમાં ૨,૯૦૦થી વધુ જગ્યાઓ માટે ભરતીની જાહેરાત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

અમદાવાદ, તા. ૨૦ : ગુજરાત પોલીસ વિભાગમાં વિવિધ સંવર્ગની ૨,૯૦૦થી વધુ ખાલી જગ્યાઓ ભરવા માટેની ભરતી પ્રક્રિયાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ ભરતી માટેની ઓનલાઈન અરજી પ્રક્રિયા આગામી ૨૬ નવેમ્બર, ૨૦૨૬થી શરૂ થવા જઈ રહી છે.

ગુજરાત પોલીસ દળમાં ૨,૯૦૦થી વધુ જગ્યાઓ પર ભરતી હાથ ધરવામાં આવશે, જેમાં કોન્સ્ટેબલથી લઈને ટેકનિકલ અને ટ્રાન્સપોર્ટ વિભાગની જગ્યાઓનો સમાવેશ થાય છે. જેમાં બિનહથિયારી પોલીસ કોન્સ્ટેબલ (૧,૦૦૦ જગ્યાઓ), હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (૧,૦૦૦), એસઆરપીએફ (સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ) કોન્સ્ટેબલ (૮૪૧), હેડ કોન્સ્ટેબલ, ડ્રાઈવર અને મિકેનિક (૧૩૩) અને મોટર ટ્રાન્સપોર્ટ સુપરવાઈઝર (૨૬)નો સમાવેશ થાય છે.

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વધુ સુદૃઢ બને તેમજ પોલીસ દળમાં માનવબળની ઘટ પૂરી થાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા આ મહત્વપૂર્ણ ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ખાસ કરીને બિનહથિયારી અને હથિયારી કોન્સ્ટેબલની ૧,૦૦૦-૧,૦૦૦ તેમજ એસઆરપીએફની ૮૪૧ જગ્યાઓ હોવાથી બહોળા પ્રમાણમાં યુવાનોને સરકારી નોકરી મેળવવાની ઉજળી તક પ્રાપ્ત થશે. આ ઉપરાંત, ડ્રાઈવર, મિકેનિક અને મોટર ટ્રાન્સપોર્ટ સુપરવાઈઝર જેવી ટેકનિકલ જગ્યાઓ પર પણ ભરતી થવાની હોવાથી લાયકાત ધરાવતા ઉમેદવારો માટે નવા દ્વાર ખુલ્યા છે.

૨૬ નવેમ્બર, ૨૦૨૬થી ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થવાની હોવાથી ઉમેદવારોએ અત્યારથી જ પોતાના જરૂરી શૈક્ષણિક પ્રમાણપત્રો, જાતિના દાખલા અને અન્ય દસ્તાવેજો તૈયાર રાખવા હિતાવહ છે. ભરતી બોર્ડ દ્વારા ટૂંક સમયમાં જ શારીરિક કસોટી અને લેખિત પરીક્ષાના નિયમો અંગેની વિસ્તૃત માર્ગદર્શિકા સત્તાવાર વેબસાઈટ પર મૂકવામાં આવશે.

નજીકના લોહીના સંબંધીઓમાં લગ્નથી સંતાનોના સ્વાસ્થ્ય સામે ભારે જોખમ: સુપ્રીમ

(સંપૂર્ણ સમાચાર સેવા) ન વ ી દિલ્હી, તા.૨૦: નજીકના લોહીના સંબંધીઓ વચ્ચે થતાં લગ્નને લઈને સુપ્રીમ કોર્ટે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. આવા લગ્નથી આવનારી પેઢીના સ્વાસ્થ્ય પર સંભવિત પ્રતિકૂળ અસરો થઈ શકે છે તેમ જણાવતાં કોર્ટે સમાજમાં વૈજ્ઞાનિક જાગૃતિ ફેલાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. આ મામલે ચીફ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે કેન્દ્ર સરકાર પાસેથી જવાબ પણ માગ્યો છે.

બેંગલુરુની પ્રજ્ઞાચક્ષુ કાયદાની વિદ્યાર્થિની ચાર્વી એસ. દ્વારા આ મુદ્દે જનહિત અરજી દાખલ કરવામાં આવી હતી. અરજીમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેના માતા-પિતા નજીકના લોહીના સંબંધીઓ હોવાથી તેને જન્મજાત આનુવંશિક સમસ્યાનો સામનો કરવો પડ્યો છે. અરજીમાં આવા લગ્નોથી ઊભા થઈ શકતા સ્વાસ્થ્ય સંબંધિત જોખમો અંગે જાગૃતિ લાવવાની માગ કરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે લગ્ન વ્યક્તિની અંગત પસંદગી સાથે જોડાયેલો વિષય છે. આવા લગ્નો પર કાયદાકીય પ્રતિબંધ મૂકવાનો નિર્ણય અદાલતના બદલે સંસદે લેવાનો છે. જોકે, લગ્નના નિર્ણય પહેલાં તેની સંભવિત સ્વાસ્થ્ય સંબંધિત અસરો અંગે લોકોને યોગ્ય જાણકારી મળવી જરૂરી છે.

નિષ્ણાતોના મતે નજીકના લોહીના સંબંધીઓમાં લગ્ન થાય ત્યારે બંને માતા-પિતામાં રહેલા સમાન રિસેસિવ જનીન દ્વારા બાળકોમાં કેટલીક વારસાગત બીમારીઓ થવાનું જોખમ વધી શકે છે. તેમાં અમુક જન્મજાત ખામીઓ અને આનુવંશિક રોગોનો સમાવેશ થઈ શકે છે. જોકે, દરેક આવા લગ્નથી જન્મતાં બાળકને બીમારી થાય જ એવું નથી.

અરજદારના વકીલે કોર્ટમાં રજૂઆત કરી હતી કે દક્ષિણ ભારતના કેટલાક વિસ્તારોમાં નજીકના સંબંધીઓ વચ્ચે લગ્નનું પ્રમાણ આશરે ૨૮ ટકા સુધી હોવાનું જણાવવામાં આવે છે. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં આવા લગ્નોથી ઊભા થતા આનુવંશિક જોખમો અંગે પૂરતી જાગૃતિનો અભાવ હોવાની પણ રજૂઆત કરવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આ મુદ્દે જાગૃતિ લાવવા માટે જરૂરી પગલાં અંગે વિચારવા જણાવ્યું છે. શાળા-કોલેજના અભ્યાસક્રમમાં આનુવંશિક સ્વાસ્થ્ય સંબંધિત માહિતીનો સમાવેશ કરવા ઉપરાંત આંગણવાડી કાર્યકરો અને ગ્રામ પંચાયતોની મદદથી ગ્રામ્ય વિસ્તારોમાં જાગૃતિ ફેલાવવાનું પણ સૂચન કરવામાં આવ્યું હતું.

ટ્રમ્પ, પુતિન અને જિનપિંગની તસવીર શેર કરી રાહુલનો મોદી પર કટાક્ષ

(સંપૂર્ણ સમાચાર સેવા) ન વ ી દિલ્હી, તા.૨૦ : અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની એકસાથે બેઠેલી તસવીરને લઈને ભારતીય રાજકારણમાં ચર્ચા શરૂ થઈ છે. કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આ તસવીર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર શેર કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કટાક્ષ કર્યો હતો. તેમના નિવેદન બાદ ભાજપે પણ કોંગ્રેસની વિદેશ નીતિ પર સવાલો ઉઠાવીને વળતો જવાબ આપ્યો છે. રાહુલ ગાંધીએ ત્રણેય વૈશ્વિક નેતાઓની તસવીર શેર કરતાં લખ્યું હતું કે, જો કોંગ્રેસ સત્તામાં હોત તો ભારતના વડાપ્રધાન પણ આ ટેબલ પર બેઠા હોત. આ સાથે તેમણે વડાપ્રધાન મોદી માટે Compromised PM શબ્દનો ઉપયોગ કરીને કેન્દ્ર સરકારની વિદેશ નીતિ અને વૈશ્વિક મંચ પર ભારતની ભૂમિકા અંગે કટાક્ષ કર્યો હતો. તેમના આ નિવેદનથી રાજકીય વર્તુળોમાં ચર્ચા તેજ બની છે. આ તસવીર ચીનના શેનઝેનમાં યોજાયેલી ત્રણેય નેતાઓની મુલાકાત સાથે જોડાયેલી હોવાનું અહેવાલમાં જણાવાયું છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથેની મુલાકાતને વૈશ્વિક રાજદ્વારી દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ ગણવામાં આવી રહી છે. આ જ તસવીરને આધારે રાહુલ ગાંધીએ ભારતની વૈશ્વિક કૂટનીતિ અને વડાપ્રધાનની આંતરરાષ્ટ્રીય હાજરી અંગે સવાલ ઉઠાવ્યા હતા.

રાહુલ ગાંધીના નિવેદન બાદ ભાજપના પ્રવક્તા પ્રદીપ ભંડારીએ સોશિયલ મીડિયા પર વળતો પ્રહાર કર્યો હતો. તેમણે કોંગ્રેસના શાસનકાળની વિદેશ નીતિ પર સવાલો ઉઠાવતાં આક્ષેપ કર્યો હતો કે અગાઉની સરકાર દરમિયાન ભારતની વિદેશ નીતિમાં પાકિસ્તાનને વધુ મહત્ત્વ આપવામાં આવતું હતું અને દેશની સુરક્ષા સાથે સમજૂતી કરવામાં આવી હતી.

વેચાણ અંગેની જાહેર નોટીશ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે :-

વલસાડ જીલ્લાના પારડી તાલુકાના મોજે 'મોતીવાડા' ગામે ખાતા નંબર : 292 થી ચાલી આવતી ખેડખાતાની :-

જુનો સર્વે નંબર	નવો સર્વે નંબર	હે.	આરે	પ્રતિઆરે	આકાર રૂા. પૈસા
43	1010	00	69	05	02.00

વાળી જમીન આવેલી છે. જે જમીન સરકારી રેકર્ડ દફતરે (1) મનુભાઈ દુર્લભભાઈ, રહે. 993, પટેલ ફળિયા, મોતીવાડા, વાયા-ઉદવાડા (આર.એસ.), તા. પારડી, જી. વલસાડ, પીન કોડ-396185, ગુજરાત રાજ્ય. (2) ઉર્મિલાબેન ચંપકભાઈ રહે. પટેલ ફળિયા, મોતીવાડા, ઉદવાડા (આર.એસ.), તા. પારડી, જી. વલસાડ, પીન કોડ-396185, ગુજરાત રાજ્ય. (3) પ્રિયંકાબેન ચંપકભાઈ તે સુજીતભાઈ પટેલની પત્ની, રહે. 1603/116, પાવર હાઉસની પાસે, મંદિર સ્ટ્રીટ, ઉદવાડા ગામ, ઉદવાડા, તા. પારડી, જી. વલસાડ, પીન કોડ-396180, ગુજરાત રાજ્ય. (4) જયેષ્ટિકાબેન ચંપકભાઈ તે દર્શનભાઈ પટેલની પત્ની, રહે. પરિવાર એપાર્ટમેન્ટ, તિથલ રોડ, એચડીએફસી બેંકની સામે, આદર્શ સોસાયટી, વલસાડ, તા. જી. વલસાડ, પીન કોડ-396001, ગુજરાત રાજ્ય. (5) પુષ્પાબેન દુર્લભભાઈ તે ભગવાનજી પટેલની પત્ની, રહે. સી-૩, ફ્લેટ નં. 3, જીવન સિંધુ એપાર્ટમેન્ટ, એલઆઈસી ઓફીસની સામે, એલઆઈસી કોલોની, મંડપેશ્વર, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-400103, મહારાષ્ટ્ર રાજ્ય (6) હંસાબેન દુર્લભભાઈ તે રમેશભાઈ પટેલની પત્ની, રહે. ભીડીયા દહેરી, દહેરી, તા. ઉમરગામ, જી. વલસાડ, પીન કોડ-396170, ગુજરાત રાજ્ય તથા (1) બીનીત અમૃતભાઈ (2) જીગર અમૃતભાઈ (3) સંજયકુમાર બાબુભાઈ (4) વિશાલકુમાર બાબુભાઈ તથા (5) ભાવેશકુમાર બાબુભાઈ નાઓની સહમાલિકી તથા કબજા ભોગવટાની જમીન છે, તેમજ મજકુર જમીન સરકારી રેકર્ડ દફતરે પણ ઉપરોકત તમામ સહમાલીકોના નામે સહમાલીક અને કબજેદાર તરીકે ચાલી આવેલી છે. તેમજ સદરહુ જમીનના ઉપરોકત સહમાલીકો પૈકી (1) મનુભાઈ દુર્લભભાઈ (2) ઉર્મિલાબેન ચંપકભાઈ (3) પ્રિયંકાબેન ચંપકભાઈ તે સુજીતભાઈ પટેલની પત્ની (4) જયેષ્ટિકાબેન ચંપકભાઈ તે દર્શનભાઈ પટેલની પત્ની (5) પુષ્પાબેન દુર્લભભાઈ તે ભગવાનજી પટેલની પત્ની તથા (6) હંસાબેન દુર્લભભાઈ તે રમેશભાઈ પટેલની પત્ની નાઓએ તેઓની સહમાલીકીની મજકુર સર્વે નંબરવાળી જમીન પૈકીની તેમના વણવહેંચાયેલા 4/6 હકક હીસ્સાની જમીન તેમની સહમાલીકી તથા કબજા ભોગવટાની હોવાનુ જણાવી મજકુર જમીન હમારા અસીલણને વેચાણ આપવા માટે નકકી કરેલ છે. અગર જો મજકુર સર્વે નંબરવાળી જમીન પૈકી ઉપરોકત સહમાલીકોના 4/6 હકક હિસ્સાની જમીનમાં તેમના સિવાય અન્ય કોઈ વ્યકિત, પેઢી કંપની કે અન્ય નાણાંકીય સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો, લાગ, ભાગ, દરદાવો, બોજો કે લીયન હોય તો તેમણે આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-10 માં તેવા હકક દાવાઓ સંબંધી દસ્તાવેજી પુરાવાઓ હમોને હમારી ઓફીસે મોકલી આપવા, નહિંતર સદરહુ મુદત વિતેથી સદરહુ જમીનમાં ઉપરોકત સહમાલીકો સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગ ભાગ કે હકક, હિસ્સો નથી અથવા હોય તો તે જતા કરેલા છે, એવુ માની ઉપરોકત જમીનનો કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ હમારા અસીલણ મજકુર જમીનના ઉપરોકત સહમાલીકો પાસેથી તેમના લાભમાં કરાવી લેશે. અને ત્યારબાદ ઉપરોકત જમીનનાં હકક, દાવા સંબંધી કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિં. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. 20/11/2026

સરનામું :
મુ. 'એ' સોના દર્શન પહેલે માળે,
ને.હા.નં.8, કિલ્લા - પારડી, તા. પારડી,
જી. વલસાડ. મોબાઈલ- 9825143206

લિ.
પ્રશાંત જવાહરલાલ દેસાઈ
તે
જમીન ખરીદ કરનારનાં એડવોકેટ

CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM OLD NAME : **SANGEETA VIJAYRAO MOHITE** TO NEW NAME : **SANGITA VIJAYRAV MOHITE** AS PER DOCUMENTS & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.
SD : SANGITA VIJAYRAV MOHITE
ADRESS. : 317/D/3, ODHAVRAM RESIDANCY, NR, SOMESHVAR PARK, ABRAMA, VALSAD 396001

CHANGE OF NAME

OLD NAME- PATEL AXITKUMAR RAJESHBHAI
NEW NAME- AXIT PATEL
ADDRESS - SCHOOL FALIYA KHARADPADA

CHANGE OF NAME

OLD NAME
MITNA KAILASHBHAI DHIRAJ
NEW NAME
KAILASH DHIRAJ
ADD. H. NO, 130 , MADI FALIA VARKUND NANI DAMAN 396210

મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી.-૨) જ.મ.પ.અ.નં.૧૫૧/૨૦૨૬

અરજદાર : શ્રી ભગત હંસાબેન ચીમનભાઈ
ઉ.વ.આ. ૬૬, ધંધો-ઘરકામ
રહે. સરીગામ રોડ
તા.ઉમરગામ, જી.વલસાડ,
(વ.શ્રી. બી.આઈ. પટેલ)

વિરુધ્ધ

સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામપંચાયત કચેરી સરીગામ
તા.ઉમરગામ, જી.વલસાડ

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ - ૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી ભગત હંસાબેન ચીમનભાઈ રહે. સરીગામ રોડ, તા. ઉમરગામ, જી. વલસાડના એ તેમના બહેન કહાર હીનાબહેન ઈશ્વરભાઈનો જન્મ તા. ૦૭/૦૬/૧૯૬૨ના રોજ મોજે : સરીગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફતે સદરહું જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી, તા. ઉમરગામ, જી. વલસાડ કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધોનથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા. ૩૦/૦૯/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યો

સહી/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

નં.એમ.જી.-૨/જન્મ-મરણ/૨.જી.નં. ૧૫૧/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ
તા. ઉમરગામ, જી. વલસાડ
કોર્ટનો સિક્કો

મહેરબાન પારડીના જુડી (ફ.ક.) મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. પારડી

જ.પ.અ.નં. /૨૦૨૬

અરજદાર : પ્રજાપતિ પાર્વતીબેન વસંતભાઈ

વિરુધ્ધ

સામાવાળા : ચીફ ઓફિસર, પારડી નગરપાલિકા, તા. પારડી જિ. વલસાડ

:: જાહેર નોટીશ ::

આથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, ઉપરોકત અરજદારે તેમની સગી બહેન કુસુમબેન ખંડુભાઈ લાડનો જન્મ પારડી, તા. પારડીમાં તારીખ : ૧૨/૦૪/૧૯૫૪ ના રોજ થયેલ હોવાની હકીકત જણાવી તે જન્મની નોંધ ચીફ ઓફિસર, નગરપાલિકા, તા. પારડી, જિ. વલસાડમાં કરાવાની રહી ગયેલ છે. જે જન્મની નોંધ સરકારી રેકર્ડ દફતરે કરાવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ છે. સદરહું અરજીની સુનાવણી ઠરાવ તારીખ : - ૧૭/૧૧/૨૦૨૬ ના રોજ અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. જે કોઈ ઈસમને સદરહું અરજી વિરુદ્ધ વાંધા હોય તો જાતે અગર યોગ્ય રીતે માહિતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચૂક પુરાવા સાથે હાજર રહેલા નોંધ લેશો. જો તેમ કરવામાં કસુર થશે તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૬ મી માહે નવેમ્બર સને ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર
સહી
આસિસ્ટન્ટ

મુકાબલ કરનાર
સહી/-
સુપ્રિટેન્ડેન્ટ,

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી/-
રજીસ્ટ્રાર કમ નાઝર

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પ્રશાસન

પર્યટન વિભાગ, ડી.એન,એચ. અને દમણ અને દીવ

ટેન્ડર સૂચના

દીવમાં પોથિયાદાદા, ડાયનોસોર પાર્ક નજીક પ્રીમિયમ હોટેલ/રિસોર્ટના વિકાસ, સંચાલન અને જાળવણી માટે સરકારી જમીનના આઉટસોર્સિંગ આપવા માટે આરએફપી (2nd Call)

Visit https://ddtenders.gov.in/or, visit https://ddd.gov.in/ dahddtourism@gmail.com Phone No. 0260-2250002

ટેન્ડર ID: 2026_DAMAN_5068_1
ટેન્ડર નંબર : 3/152/DT/DNH&DD/Hotel/DP/Diu/2026-27/455

હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : ૦૭/૧૨/૨૦૨૬
બિડ ખોલવાની તારીખ : ૦૮/૧૨/૨૦૨૬

નિદેશક (પ્રવાસન), પ્રવાસન વિભાગ, વિદ્યુત ભવન, કચીગામ, દમણ - ૩૯૬૨૧૫

No. : IP/DMN/2/5/2026-27/659 DATED : 20/11/2026

જાહેર નોટીસ

મહેબાન વલસાડના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,

જાવક નંબર - ૨૩૭૮/૨૦૨૬
ક્રિ.પ. અ. નં.૧૯૩૩/૨૦૨૬

અરજદાર : મહેશભાઈ કલ્યાણભાઈ નાયકા
વિ
સામાવાળા : જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી, વલસાડ
તલાટી કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત લીલાપોર, તા.જી. વલસાડ

સદરહુ કામે અરજદાર મહેશભાઈ કલ્યાણભાઈ નાયકા રહે. તળાવ ફળિયુ, લીલાપોર તા.જી. વલસાડના માતા નામે ઝમકુબેન કલ્યાણભાઈ નાયકાનું મરણ તેમના મોજે ગામ લીલાપોર તા.જી. વલસાડ મુકામે તા. ૨૨/૧૨/૨૦૦૨ના રોજ થયેલ છે. જેઓની મરણની નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં ક્રિ.પ.અ. નંબર ૧૯૩૩/૨૦૨૬ની નામદાર કોર્ટમાં અરજી દાખલ કરેલી જે અરજી મુજબ મરણની નોંધણી અંગે કોઈપણ માણસને વાંધો હોય, તો ઠરાવ તા. ૨૪/૧૨/૨૦૨૬ના રોજ જાતે અગર વકીલ મારફતે કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો યોગ્ય લાગે તે હુકમ કરશોજી. જેની નોંધ લેશો.

તા. ૨૦/૧૧/૨૦૨૬

હુકમથી
સહી/-
રજીસ્ટ્રારશ્રી
ચીફ જયુડી. મેજી. કોર્ટ
વલસાડ

તૈયાર કરનાર
સહી/-
આસિસ્ટન્ટ

મુકાબલ કરનાર
સહી/-
સુપ્રિટેન્ડેન્ટ

કોર્ટનો સિક્કો

UT ADMINSTARATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

Public Works Department
NOTICE INVITING TENDER
Procurement of Furniture for District Prison at Randha, D&NH

On line downloading start of tender documents	19.11.2026 @ 16.00 Hrs
* Pre-bid meeting	N.A.
Last date & Time for Receipt of Bid/Uploading Bid	27.11.2026 @ 14.00 Hrs
Online Opening of Technical Bid	27.11.2026 @ 16.00 Hrs
On line opening of Price Bid	27.11.2026 @ 16.00 hrs. (if possible)

For details please scan dnhtenders.nic.in ee-bldg-dnh@ddd.gov.in 0260 2642350

ID No. 2026_UTDNH-8336_1

I/c. Executive Engineer, P.W.D., WD-I, DNH, Silvassa
No.4-1(1)/WCD.I/E-Ten./2026-27/793 Dtd.19/11/2026

No. : IP/DMN/2/5/2026-27/660 DATED : 20/11/2026

TORRENT POWER | DNHDD

વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ

ગ્રાહકોને ગુણવત્તાભર્યો અને વિશ્વસનીય વીજપૂરવઠો સતત અને સુનિશ્ચિતપણે મળતો રહે તે માટે નેટવર્ક મેઈનટેનન્સનું આયોજન કરેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો સવારના ૧૦:૦૦ થી સાંજના ૬:૦૦ સુધી બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

તારીખ અને વાર	સબસ્ટેશન	ફીડર	વિસ્તાર

SAVSHANTI LAKE RESORT
SAPUTARA



PLEASE MAIL / CALL FOR CONFIRMATION

Email: savshantilakeresort@savshantihotels.com
www.savshantihotels.com
Mo. +91 78747 75250

SAVSHANTI LAKE RESORT , NAGESHWARE MAHADEV ROAD - SAPUTARA



ભરતી કરવાની છે

સરકારી લાઈઝનીંગ અને મેઈન્ટેન્સ કામ કરી શકે એવા માણસની જરુર છે તથા ઓફિસ માટે ફિમેલ સેક્રેટરીની જરુર છે

ફોન કરવાનો સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૪ થી ૮

Contact : 9879463248

નેમિનાથ ટ્રેડર્સ



ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 /

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

Wish you a Happy Diwali & New Year

Hotel Sejal Inn Pvt Ltd.



Saputara, Dist. Dang, Gujarat-394720. INDIA.

M.: 09727749608 / 7043109007 | Phone.: 02631-237217 / 237317 | Fax No : 02631-237417

Email : hotelsejalinn@gmai.com | info@hotelsejalinn.co.in | gmhotelsejalinn@gmail.com

Web : www.hotelsejalinn.co.in

Green Village RESORTS LTD.

At Hatgad 6 minutes drive from Saputara, on the boarder of Maharashtra, our associate **SAI PRASAD MOTELS-RESTAURANT & BAR & HOTEL KESAR** offer you veg. & Non Veg. Cuisines, you can enjoy cool atmosphere the impeccable service, which is combined with a wide choice of dishes from our menu specially prepared by our executive Chef, keeping your taste in mind.

Malvani Church, Opp. Akashwani Kendra,
Marve Road, Malad (W), Mumbai - 400 095.
Tel.: 2889 5499, 2889 7382

Wish You a Happy Diwali and Happy New Year





Chitrakoot
HILL RESORT SAPUTARA

SAPUTARA, DIST : DANG (GUJARAT) | TEL.: (02631 237221 / 237237 / 237599)

The only hill station of Gujarat
Saputara

Wish you a Happy Diwali & Happy New Year



Aakar Lords INN
Exhilarating Hospitality
Saputara

fomalis@lordshotels.com
9099298888, 9099397777, 9099545555
Nasik Road, Saputara-394720
Dist- Dang, Gujarat



SUNOTEL saputara

reservations@sunotelhotels.com
9099343333, 9099643333
2631-237666/777/888/999
Opp. Lake Garden, temple road,
Saputara - 394720. Dist. Dang



patang Residency saputara

reservations@patangresidency.com
9925954444, 9925953333, 9099278888
Opp. Boat Club, Saputara - 394720
Dist. Dang

OWNER : Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**